dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-75 | AD-2025, Magshar Vad-14 | Thursday, Dt.18-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પીએમ મોદીને નિશાન-એ-ઈથોપિયાના સન્માનથી નવાજવામાં આવ્યા

# ઈથોપિયામાં માતા-પિતા ભારતીય શિક્ષકોનું ખૂબ જ સન્માન કરે છે : મોદી

નવીદિલ્હી,તા.૧૭

ઈથોપિયાની મુલાકાતના બીજા દિવસે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈથોપિયાના અદીસ અબાબામાં અદવા વિજય સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ તેમણે ઈથોપિયન સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યું. આ દરમિયાન, પીએમ મોદીએ ભારત અને ઈથોપિયા વચ્ચેના ખાસ સંબંધો અને મજબૂત મિત્રતા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, "ગઈકાલે ઈથોપિયા તરફથી મને મળેલા સન્માન - નિશાન-એ-ઈથોપિયા માટે હું વડાપ્રધાન અબીય અહેમદનો આભારી છું. અમે ઈથોપિયન સરકાર અને વડાપ્રધાનનો આભાર માનીએ છીએ."

પીએમ મોદીએ કહ્યું કે ઈથોપિયા વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિઓમાંની એક છે. તેનો ઈતિહાસ ટેકરીઓ, ગામડાઓ અને તેના લોકોના હૃદયમાં દેખાય છે. આજે, ઈથોપિયા પોતાના પગ પર ઊભો છે. તેમણે કહ્યું કે આ સંતુલન, જૂના અને નવાનો સંગમ, ઈથોપિયાની અંતિમ શક્તિ છે. આ ઉર્જા આપણા ભારતીયો માટે ખૂબ જ પરિચિત છે. એ નોંધવું જોઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સન્માન માટે ઈથોપિયાની રાજધાની અદીસ અબાબામાં ફરી એકવાર એક ખાસ કાર્યક્રમ જોવા મળ્યો. ઈથોપિયાના વડાપ્રધાન અબીય અહેમદે પીએમ મોદીને વિદાય આપવા માટે એરપોર્ટ પર વ્યક્તિગત રીતે વાહન ચલાવ્યું. એરપોર્ટ પર પહોંચ્યા પછી, વડાપ્રધાન અબીય અહેમદે પીએમ મોદીને વિદાય આપી અને તેઓ તેમના વિમાનમાં ચઢ્યા ત્યાં



સુધી હાજર રહ્યા. આ પછી, પીએમ મોદી ઓમાન જવા રવાના થયા. આ વ્યક્તિગત વિદાયને બંને દેશો વચ્ચે મજબૂત મિત્રતા અને પરસ્પર આદરનું પ્રતીક માનવામાં આવી રહ્યું છે. અગાઉ, ઈથોપિયન સંસદને સંબોધન કરતી વખતે, તેમણે ભારત અને ઈથોપિયા વચ્ચેના રાજદ્વારી સંબંધોને મજબૂત બનાવવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતીય કંપનીઓએ ઈથોપિયામાં નોંધપાત્ર વ્યાપારિક સંભાવનાઓ જોઈ છે. ભારતીય કંપનીઓએ અહીં ૫ બિલિયનથી વધુનું રોકાણ કર્યું છે અને ઘણા લોકોને નોકરીઓ આપી છે. પરંતુ હું માનું છું કે આપણા વેપાર સંબંધોમાં હજુ પણ અપાર સંભાવનાઓ છે. પીએમ મોદીએ કહ્યું, "અમે આપણા દ્વિપક્ષીય સંબંધોને રાજદ્વારી ભાગીદારીના સ્તરે વધારવાનો નિર્ણય લીધો છે." પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ" નો મંત્ર અમારું સૂત્ર છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતનું રાષ્ટ્રગીત, વંદે માતરમ અને ઈથોપિયાનું રાષ્ટ્રગીત દેશને "માતા" તરીકે ઓળખે છે. તેઓ આપણને આપણી સંસ્કૃતિ, વારસો, રાષ્ટ્રીય સુંદરતા અને ભૂમિનું રક્ષણ કરવાનો સંદેશ આપે છે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે હજારો ભારતીય શિક્ષકો ઈથોપિયા આવ્યા છે, અદીસ અબાબાથી લઈને વિવિધ શહેરોમાં બાળકોને શિક્ષણ આપી રહ્યા છે. તેઓ ઈથોપિયાની શાળાઓની મુલાકાત લે છે અને ઈથોપિયાના લોકોના દિલ જીતી લે છે. તેમણે ઉમેર્યું કે આજે ઘણા ઈથોપિયામાં માતા-પિતા ભારતીય શિક્ષકોનું ખૂબ જ સન્માન કરે છે. જેમ ભારતીય શિક્ષકો ઈથોપિયા આવે છે, તેવી જ રીતે ઈથોપિયાના વિદ્યાર્થીઓ પણ આધુનિક ઈથોપિયા બનાવવાનું સ્વપ્ન જોતા ભારત આવે છે.

# દિલ્હીમાં વધતા જતા પ્રદૂષણને લઈ સરકારી અને ખાનગી કચેરીઓમાં ૫૦% કામ ઘરેથી કરવાનો સરકારનો આદેશ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

દિલ્હીમાં વધતા વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને, સરકારે બે મોટા નિર્ણયો લીધા છે. પ્રદૂષણને કારણે, દિલ્હીની તમામ સરકારી અને ખાનગી કચેરીઓમાં ૫૦% કર્મચારીઓ માટે ઘરેથી કામ ફરજિયાત કરવામાં આવ્યું છે. સરકારે આરોગ્યસંભાળ જેવી આવશ્યક સેવાઓને મુક્તિ આપી છે. સરકારે દિલ્હીમાં બાંધકામ કાર્ય સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. અટકેલા બાંધકામ કાર્યથી પ્રભાવિત તમામ નોંધાયેલા અને ચકાસાયેલ બાંધકામ કામદારોના ખાતામાં ૧૦,૦૦૦ ટ્રાન્સફર કરવા સૂચના આપવામાં આવી છે. દિલ્હી-એનસીઆરમાં વધતા વાયુ પ્રદૂષણને કારણે જીઆરએપી-૪ અમલમાં છે. દિલ્હી શ્રમ વિભાગે જણાવ્યું હતું કે ૧૮ ડિસેમ્બરથી, રાષ્ટ્રીય રાજધાનીમાં ઓફિસો અને વ્યવસાયિક સંસ્થાઓમાં ફક્ત ૫૦% હાજરીની મંજૂરી આપવામાં આવશે, બાકીના કર્મચારીઓ ઘરેથી કામ કરશે.




# વૈશ્વિક વેપારમાં ટેરિફનો ઉપયોગ હથિયાર તરીકે થઈ રહ્યો છે : નાણામંત્રી નિર્મલા સીતારમણ

નવીદિલ્હી,તા.૧૭

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે વૈશ્વિક વેપારની બદલાતી અને પડકારજનક પરિસ્થિતિઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આજના સમયમાં, ટેરિફ અને અન્ય પગલાં દ્વારા વૈશ્વિક વેપારનું વધુને વધુ હથિયારીકરણ થઈ રહ્યું છે. તેણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ વાતાવરણમાં, ભારતે ખૂબ જ કાળજીપૂર્વક પોતાનો માર્ગ શોધવો જોઈએ, અને દેશની એકંદર આર્થિક શક્તિ તેને વધારાનો ફાયદો આપશે. એક કોન્ક્લેવ ૨૦૨૫'



ને સંબોધતા, નાણામંત્રીએ સ્પષ્ટ કર્યું કે હવે તે સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે વૈશ્વિક વેપાર હવે 'મુક્ત અને ન્યાયી' નથી. સીતારમણે કહ્યું, "ટેરિફ અને અન્ય ઘણા પગલાં દ્વારા વેપારને હથિયાર બનાવવામાં આવી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં ભારતે કાળજીપૂર્વક પોતાનો માર્ગ શોધવો જોઈએ. ફક્ત ટેરિફનું ધ્યાન રાખવું પૂરતું નથી; મારું માનવું છે કે આપણા અર્થતંત્રની એકંદર શક્તિ આપણને તે વધારાનો ફાયદો આપશે." ભારત સામે વારંવાર લગાવવામાં આવતા આરોપોનો જવાબ આપતા, નાણામંત્રીએ કહ્યું, "ભારતને ભાષણ આપી શકાય છે કે તમે ખૂબ અંતર્મુખી છો, કે તમે 'ટેરિફ કિંગ' છો, વગેરે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આજે ટેરિફને હથિયાર બનાવવામાં આવ્યું છે." તેમણે સ્પષ્ટતા કરી કે ભારતનો ક્યારેય ટેરિફને હથિયાર બનાવવાનો ઈરાદો નહોતો. ભારતે ફક્ત પોતાના સ્થાનિક ઉદ્યોગોને કોઈપણ 'શિકારી' દ્વારા આવતા 'પૂર'થી બચાવવા માટે પગલાં લીધાં છે. તેઓ એવા દેશોનો ઉલ્લેખ કરી રહ્યા હતા જે અન્યાયી વેપાર પ્રથાઓ દ્વારા ભારતીય બજારોમાં પોતાનો માલ ડમ્પ કરે છે. નાણામંત્રીએ વૈશ્વિક બેવડા ધોરણો પર પણ કટાક્ષ કર્યો. તેમણે કહ્યું કે આજે વેપારનું આ હથિયારીકરણ કોઈપણ ટીકા વિના થઈ રહ્યું છે.

# ભારતીય રેલવેમાં મર્યાદા કરતા વધુ સામાન હશે તો વધારાનો ચાર્જ લાગશે

**રેલમંત્રી અશ્વિન વૈષ્ણવે લોકસભામાં માહિતી આપી**

ન્યુ દિલ્હી,તા.૧૭

ભારતીય રેલવેમાં મુસાફરી કરતા લોકો માટે સામાનને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે, હવે નિર્ધારિત મર્યાદા કરતા વધુ સામાન લઈ જનારા મુસાફરો પાસેથી રેલવે દ્વારા વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે. મુસાફરોની સુવિધા અને ટ્રેનમાં ભીડને નિયંત્રિત કરવા માટે અલગ-અલગ કોચ મુજબ સામાનની મર્યાદા નક્કી કરવામાં આવી છે. રેલવેના નવા નિયમો મુજબ, એસી ફર્સ્ટ ક્લાસમાં મુસાફરો ૭૦ કિલો સુધીનો સામાન મફત લઈ જઈ શકશે, જ્યારે તેની મહત્તમ મર્યાદા ૧૫૦ કિલો રાખવામાં આવી છે. એસી સેકન્ડ ટિયરમાં ૫૦ કિલો અને એસી થર્ડ ટિયર કે ચેર કારમાં ૪૦ કિલો સુધીનો સામાન મફત લઈ જવાની છૂટ મળશે. સામાન્ય મુસાફરો જે સ્લીપર ક્લાસમાં મુસાફરી કરે છે તેઓ ૪૦ કિલો અને સેકન્ડ ક્લાસમાં ૩૫ કિલો સુધીનો સામાન કોઈ પણ ચાર્જ વગર સાથે રાખી શકશે. જો કોઈ મુસાફર નક્કી કરેલી મફત મર્યાદા કરતા વધુ સામાન સાથે રાખશે, તો તેણે રેલવેના ટેરિફ મુજબ વધારાનો ચાર્જ ચૂકવવો પડશે. દરેક વર્ગ માટે મહત્તમ મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે, જેની ઉપર સામાન લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહીં. રેલવે મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે મુસાફરોને મુસાફરી દરમિયાન કોઈ અગવડતા ન પડે તે હેતુથી આ જૂના નિયમોનું કડક પાલન કરાવવામાં આવશે.

॥ બેસણું ॥



**સ્વ. સાધનાબેન સંજયભાઈ સાવકીયા**
તા. ૧૭/૧૨/૨૦૨૫, બુધવાર (ઉ.વર્ષ. ૪૪)

દિલગીરી સાથે જણાવવાનું કે સંજયભાઈ મધુભાઈ સાવકીયાના ધર્મપત્ની **સાધનાબેન સંજયભાઈ સાવકીયા (ઉ.વર્ષ. ૪૪)** નું સં. ૨૦૮૨ માગશર વદ ૧૩ ને બુધવાર તા. ૧૭/૧૨/૨૦૨૫ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુ પાસે પ્રાર્થના.

:: બેસણું ::
ગુરૂવાર તા. ૧૮/૧૨/૨૦૨૫ ના રોજ બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી રાખેલ છે.
:: સ્થળ ::
શ્યામ વાડી, દાદા ભગવાનના મંદિરની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી

:: લિ. ::
મધુભાઈ દેવરાજભાઈ સાવકીયા
ચંદુભાઈ દેવરાજભાઈ સાવકીયા
શંભુભાઈ દેવરાજભાઈ સાવકીયા
ગૌરાંગભાઈ શંભુભાઈ સાવકીયા
સંજયભાઈ મધુભાઈ સાવકીયા
વિજયભાઈ મધુભાઈ સાવકીયા
ભાવેશભાઈ ચંદુભાઈ સાવકીયા
નિહાર સંજયભાઈ સાવકીયા
નિલ વિજયભાઈ સાવકીયા

# મુસ્લિમ વકફ સંસ્થાઓએ પણ કોર્ટ ફી ચુકવવી પડશે : હાઈકોર્ટનો ઐતહાસિક ચુકાદો

ગાંધીનગર,તા.૧૭



ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું છે કે મુસ્લિમ વકફ બોર્ડ તથા તેની સાથે સંકળાયેલી સંસ્થાઓએ હવેથી અન્ય ધાર્મિક ટ્રસ્ટો અને સખાવતી સંસ્થાઓની જેમ જ કોર્ટ ફી ચૂકવવી પડશે. આ સાથે હાઈકોર્ટે કોર્ટ ફીમાંથી મુક્તિ માંગતી વકફોની આશરે ૧૫૦ જેટલી અરજીઓને એકસાથે ફગાવી દીધી છે. કોર્ટે જણાવ્યું કે કાયદાની નજરે તમામ ધાર્મિક સંસ્થાઓ સમાન છે અને કોઈને વિશેષ છૂટછાટ આપી શકાય નહીં.

આ ચુકાદાને આવકારતાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, હાઈકોર્ટનો આ નિર્ણય ન્યાયિક ક્ષેત્રે સમાનતા અને પારદર્શિતાને મજબૂત બનાવે છે. કોઈપણ ધાર્મિક સંસ્થા કાયદાથી ઉપર નથી અને સૌ માટે એ ક સ ર ખો નિયમ હોવો જરૂરી છે. તેમણે ઉમેર્યું કે હિંદુ ટ્રસ્ટો વર્ષોથી કોર્ટ ફી ચૂકવે છે, ત્યારે વકફ સંસ્થાઓ માટે અલગ વ્યવસ્થા યોગ્ય નથી. કાયદા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કહ્યું કે આ ચુકાદો કાયદાના શાસનની જીત છે અને બંધારણીય સમાનતાના મૂલ્યોને વધુ દૃઢ કરે છે.

# લીખાળા ગામથી ભેંકરા સુધી નવો ડામર રોડ બનતા ગ્રામજનોમાં આનંદ

**ગ્રામજનોએ ધારાસભ્યનો હૃદયપૂર્વક આભાર માન્યો**

અમરેલી,તા.૧૭

સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામેથી ભેકરા ગામ સુધી નવા ડામર રોડનું કાર્ય શરૂ થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.



આ રોડના અભાવે છેલ્લા લાંબા સમયથી આવનજાવનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને ટુ-વ્હીલ લઈને પસાર થવું પણ મુશ્કેલ બન્યું હતું, જેના કારણે ખેડૂતો અને પશુપાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ગ્રામજનોએ આ બાબતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને રજૂઆત કરી હતી જેથી ધારાસભ્યના પ્રયત્નોથી રોડનું કામકાજ શરૂ થતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# લાઠીના ટોડા ગામ નજીક અકસ્માત સર્જાતા એક યુવકનું રેસ્ક્યુ કરાયું

અમરેલી,તા.૧૭

લાઠી તાલુકાના ટોડા ગામ પાસે બુધવારના રોજ વહેલી સવારે ૦૫:૩૦ કલાકે બોલેરો પિકઅપ (GJ ૧૪ X ૭૧૯૦) અને ટ્રાવેલ્સ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં મનોજભાઈ ચાવડા નામનો એક વ્યક્તિ વાહનમાં ફસાયો હોવાની જાણ ૧૧૨ ઈમરજન્સી સર્વિસ દ્વારા અમરેલી ફાયર કંટ્રોલરૂમને કરવામાં આવી હતી. ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર સ્ટાફના આનંદભાઈ જાની, સવજીભાઈ ડાભી, જગદીશભાઈ ભુરીયા અને જયદીપભાઈ ઈસોટીયાએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને ગાડીમાં ફસાયેલા મનોજભાઈ ચાવડાને બહાર કાઢીને ૧૦૮ની મદદથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# રાજુલાના ભેરાઈ ગામે ચાર સિંહોએ બે વાછરડાનું મારણ કરતા ફફડાટ

રાજુલા,તા.૧૭

રાજુલા તાલુકાના ભેરાઈ ગામે રાત્રિના સમયે લગભગ ચાર સિંહો ગામમાં ઘૂસી આવતા લોકોમાં ભારે ભયનો માહોલ ઉભો થયો છે. ચાર સિંહોએ જગન્નાથજીના મંદિર પાસે અને આગરીયા વાળા વિસ્તારમાં એક-એક વાછરડાનું મારણ કર્યું હતું. રાત્રિના દોઢ



વાગ્યે સરપંચ વાલભાઈ રામને ફોન આવતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ફોટોગ્રાફી-વીડિયોગ્રાફી કરી હતી. સરપંચ વાલભાઈએ જણાવ્યું હતું કે સિંહો ફરી ગામ તરફ આવી શકે તેમ છે, જેથી કિંમતી અને દૂધાળા પશુઓનું મારણ ન થાય તે માટે વન વિભાગ દ્વારા ગામના રક્ષણ માટે વધારાના ટ્રેકર્સ મૂકવાની માંગ કરવામાં આવી છે. ગામમાં ચાર સિંહોની ડણકથી પશુઓમાં અફરાતફરી મચી જવા પામી હતી અને ગામલોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે.

# વડીયા બાર એસોસિએશનના પ્રમુખ પદે ભીખુભાઈ વોરા સતત બીજી વાર ચૂંટાયા

વડીયા,તા.૧૭

વડીયામાં બાર કાઉન્સિલના આદેશ અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬ માટે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડીયાના બાર એસોસિએશન પ્રમુખ તરીકે સતત બીજી વખત સિનિયર એડવોકેટ, નોટરી, બેંકોના પેનલ એડવોકેટ, પીઢ પત્રકાર અને અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા ભીખુભાઈ વોરા સર્વાનુમતે ચૂંટાયા હતા. જયારે ઉપપ્રમુખ તરીકે પી. એચ. મકવાણા, સેક્રેટરી તરીકે




એમ.ડી. ચૌહાણ, ખજાનચી તરીકે કે.પી. સેજુ અને લાયબ્રેરીયન તરીકે ડી.એચ. ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# વડીયા પંથકમાં બીએસએનએલના નેટવર્કના ધાંધિયાથી લોકો ત્રાહિમામ

વડીયા,તા.૧૭

વડીયા ખાતે બીએસએનએલ ટાવર લગભગ ચાર-પાંચ દિવસથી બંધ હોવાના કારણે તેના સીમકાર્ડ ધારકોના મોબાઈલ શોભાના ગાંઠિયા સમાન બનતા જોવા મળ્યા છે. અનેક લોકોના મોબાઈલમાં નેટવર્ક બંધ થતા તેમના સામાજિક, આર્થિક વ્યવહારો માટેનો



સંપર્ક વિખેરાતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આથી લોકો અન્ય ખાનગી કંપનીમાં પોર્ટ થવા મજબૂર થઈ રહ્યા છે. બીએસએનએલ ટાવરમાં કે નેટવર્કમાં જે કોઈ ખામી હોય તેને તુરંત દૂર કરવા લોક માંગણી ઉઠી છે. સરકારના જાહેર સાહસના આવા નબળા સંચાલનથી જ સરકારને નુકસાન થતું હોવાથી તેને અટકાવવા તાત્કાલિક પગલાં લઈ આ સમસ્યા દૂર કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં સાંસદ ખેલ મહોત્સવમાં ચાર સ્પર્ધાનું આયોજન

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા આગામી તા. ૨૧.૧૨.૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષાએ સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫ અંતર્ગત અલગ અલગ વયજૂથમાં ચાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી શહેરમાં આવેલા સરદાર પટેલ રમત સં કુ લ ખાતે કોથળા દોડ, રસ્સાખેંચ, ચેસ અને ખો-ખોની સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં અમરેલી જિલ્લાના રમતવીરો પોતાની ક્ષમતા પ્રદર્શિત કરશે. આ સ્પર્ધામાં રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે વધુમાં વધુ નાગરિકોને આવવા જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલી ખાતે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરાશે

**પૂ. શિવકૃપાનંદ સ્વામીજીનું પ્રવચન અને ધ્યાનનું જીવંત પ્રસારણ**

અમરેલી,તા.૧૭

આજના સમયમાં માનવીનું જીવન સતત ભાગદોડ અને સમસ્યાથી ભરેલું છે. માનવીને પોતાના માટે પણ જાણે સમય ન હોય તેવુ લાગી રહ્યું છે. આવા સમયે માનવીને મનની શાંતિ માટે થોડા સમય ધ્યાનની જરૂર છે ત્યારે આગામી તા.૨૧ના રોજ વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી થનાર છે. વિશ્વ ધ્યાન દિવસની ઉજવણીમાં મનુષ્ય પોતાના માટે થોડો સમય કાઢીને જો ધ્યાનનો સહારો લે તો મનુષ્યનું જીવન વધુ પ્રફુલ્લીત બની રહે તેમ છે. જેથી આગામી તા.૨૧ના રોજ મહાત્મા મંદિર કન્વેન્શન હોલ ગાંધીનગર ખાતે વિશ્વ ધ્યાન દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજય યોગ બોર્ડ અને હિમાલયન સમર્પણ ધ્યાન દ્વારા આયોજિત આ ધ્યાન દિવસનું તા. ૨૧ના રોજ અમરેલી ખાતે પણ પૂ.શિવકૃપાનંદ સ્વામીજીનું પ્રવચન અને ધ્યાનનું જીવંત પ્રસારણ થશે. તા.૨૧ના રોજ સાંજે ૩:૪૫થી ૬:૦૦ વાગ્યા સુધી દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ, મધ્યસ્થ બેન્કની સામે આયોજન કરવામાં આવ્યું છે.

# રાજુલાના કવિ શશીભાઈ રાજ્યગુરુને ‘બાલકૃષ્ણ દવે એવોર્ડ-૨૦૨૫’ અપાશે

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લાના ચિતલના પનોતા પુત્ર પ્રસિદ્ધ લોક સાહિત્યકાર સ્વ.બાલકૃષ્ણ દવેની સ્મૃતિમાં વિદ્યાભારતી ટ્રસ્ટ પ્રેરિત, બાલકૃષ્ણ દવે સાહિત્ય સભા આયોજીત સાહિત્યનો શ્રેષ્ઠ એવોર્ડ ’બાલકૃષ્ણ દવે એવોર્ડ- ૨૦૨૫ ’ તા.૨૧/૧૨/૨૫ સાંજે ૩.૩૦થી ૫.૦૦ શ્રી સરસ્વતી વિદ્યા મંદિર,



ચિતલ ખાતે રાજુલાના શશીભાઈ રાજ્યગુરુ કવિ ’હેમાળવી’ ને અપાશે. અમેરિકાસ્થિત ડો. રાજેશભાઈ પટેલ અને ડો. ઉષાબેન પટેલ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા સાહિત્ય સેતુ, અમરેલીના મહેન્દ્રભાઈ જોષીના હસ્તે થશે. આશીર્વચન પ.પૂ. સંતશ્રી રતિદાદા-ચલાલા તથા ભક્તિરામ બાપુ-માનવ મંદિર સાવરકુંડલા આપશે. કાર્યક્રમનું સંચાલન ધ્રુવ મહેતા દ્વારા કરાશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે સુરેશભાઈ પાથર, અશ્વિનભાઈ સાવલિયા, મનુભાઈ દેસાઈ, વિજયભાઈ દેસાઈ- જિલ્લા પ્રમુખ વિહીપ., જયસુખભાઈ દેસાઈ- મહાદેવ કોટેક્ષ ચિતલ, કાળુભાઈ ધામી-અગ્રણી -ઉદ્યોગપતિ ચિતલ, લાલભાઈ દેસાઈ-દેસાઈ કોટેક્ષ ચિતલ, મોટાભાઈ સંવટ- મેને. જીવરાજ મહેતા ટ્રસ્ટ વગેરે ઉપસ્થિત રહેશે.

# લાઠી-દામનગર રોડ પર રૂ.૧૦.૭૬ કરોડના ખર્ચે ૧૯ જર્જરિત નાળા-પુલિયાના કામનું ખાતમુહૂર્ત કરતા જનક તળાવીયા

લાઠી, તા.૧૭

લાઠી-દામનગર રાજ્ય ધોરી માર્ગ પર આવેલાં વર્ષો જૂના અને જર્જરિત ૧૯ પથ્થરના નાળા-પુલિયાને બદલીને આધુનિક અને મજબૂત આર.સી.સી. (RCC)ના બનાવવાના મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્ય



માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૧૦.૭૬ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. જર્જરિત પુલિયાને કારણે ચોમાસામાં પાણી ભરાવાની અને અકસ્માતની સમસ્યા સર્જાતી હતી. ધારાસભ્યએ જણાવ્યું કે આ માર્ગ વિસ્તાર માટે અત્યંત મહત્વનો છે અને નવા આર.સી.સી. નાળા-પુલિયાના નિર્માણથી માર્ગ સલામતી વધશે, વાહનવ્યવહાર સરળ બનશે અને વિસ્તારના સામાજિક-આર્થિક વિકાસને ગતિ મળશે. ખાતમુહૂર્ત પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.










# સાવરકુંડલાના પીઠવડી-ગણેશગઢ-ગાધકડા-વિજપડી સ્ટેટ રોડ માટે સરકારે રૂ. ૧૬ કરોડ મંજૂર કર્યા

સાવરકુંડલા,તા.૧૭





સાવરકુંડલા-લીલીયા વિસ્તારના માર્ગ વિકાસ માટે વધુ એક મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પીઠવડી–ગણેશગઢ–ગાધકડા–વિજપડી રોડના વિકાસ માટે રૂપિયા ૧૬ કરોડ મંજૂર કરાવ્યા છે. આ વિકાસ કામોમાં મુખ્યત્વે ડામર રોડનું રિસર્ફેસીંગ, જરૂરિયાત મુજબ સી.સી. રોડ, માર્ગ ફર્નિચર તેમજ અન્ય જરૂરી સ્ટ્રક્ચરલ કામગીરીનો સમાવેશ કરાશે. લાંબા સમયથી આ રોડની હાલત ખરાબ હોવાથી વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને મુશ્કેલી પડી રહી હતી, જેને ધ્યાનમાં રાખીને આ વિકાસ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ અંગે મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે આ રોડ વિકાસ કાર્ય પૂર્ણ થયા બાદ પીઠવડી, ગણેશગઢ, ગાધકડા અને વિજપડી સહિત આસપાસના ગામોના લોકો માટે આવન-જાવન વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક બનશે. સાથે જ ખેતી, વેપાર અને સ્થાનિક વિકાસને પણ નવી ગતિ મળશે. આ મંજૂરી માટે ધારાસભ્ય કસવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માન્યો હતો.

# બગસરામાં શત્રુ સંપત્તિ પચાવી પાડવાના કૌભાંડમાં એ.એસ.પી. દ્વારા તપાસનો ધમધમાટ: અનેક અધિકારીઓની સંડોવણીની શક્યતા

બગસરા,તા.૧૭

બગસરા શહેરમાં નદીપરા વિસ્તારમાં આવેલ મોહમ્મદભાઈ યુસુફભાઈ હિરાણીની મિલકત, જે વર્ષો સુધી પોસ્ટ વિભાગ પાસે ભાડાપટ્ટે હતી, તેને ખોટી રીતે હડપ કરી લેવાનું કૌભાંડ બહાર આવ્યું છે. મૂળ માલિકનું ૧૯૮૩ માં મૃત્યુ થયા બાદ તેમના દસ વારસદારો પૈકી મોટાભાગના પાકિસ્તાનમાં વસવાટ કરે છે. જોકે, મુંબઈ ખાતે રહેતા હાતિમભાઈ હિરાણીએ પોતે એક જ વારસદાર હોવાનું ખોટું સોગંદનામું કરી મિલકત પોતાના નામે કરાવી વેચી નાખવાની તૈયારી કરી હતી. આ અંગે જાગૃત અરજદાર અકીલભાઈ વખારીયાએ જાણ કરતા એ.એસ.પી. ધારી જયવીર ગઢવી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

આ શત્રુ સંપત્તિને વેચવાનું કૌભાંડ ૨૦૧૬ થી ધીરે ધીરે શરૂ કરવામાં આવ્યું હતું. ૨૦૧૯ માં પોસ્ટ ઓફિસ પાસેથી મિલકત ખાલી થતાં ખોટા સોગંદનામા કરી વારસાઈ દાખલ કરવામાં આવી અને ૨૦૨૩ માં બાંધકામની મંજૂરી મેળવી મિલકત વેચવાની તજવીજ હાથ ધરાઈ હતી. આ સમગ્ર પ્રકરણમાં ખોટી રીતે વારસાઈ દાખલ કરનાર સરકારી અધિકારીઓની પણ સંડોવણી બહાર આવવાની શક્યતા સેવાઈ રહી છે.

આ પ્રકરણ બહાર ન આવે તે માટે આરોપીએ જ્ઞાતિ સમાજને પણ અંધારામાં રાખ્યો હતો. મિલકત જ્ઞાતિના ઉપયોગ અથવા દાન માટે આપવામાં આવશે તેવું વારંવાર લેખિતમાં જણાવી સમાજને ગુમરાહ કર્યો હોવાની વિગતો પણ સામે આવી છે. હાલ પોલીસ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં ૧૬ પકડાયા

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં રાત્રે પેટ્રોલિંગ દરમ્યાન પોલીસે વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલ હાલતમાં ફરતા ૧૬ ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ખાંભાના લાસા ગામેથી ત્રણ પકડાયેલા ઈસમ પણ સામેલ હતા. લાઠીના ધામેલ ગામેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

## બાબરાના નવાણીયા ગામે મહિલા પાસેથી ૧૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં પોલીસે ૯ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ ઝડપ્યો હતો. પોલીસે કુલ ૭૫ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. જેમાં બાબરાના નવાણીયા ગામે મહિલા પાસેથી ૧૫ લીટર, ચમારડી ગામે મહિલા પાસેથી ૧૨ લીટર તથા ગળકોટડી ગામે મહિલા પાસેથી મળેલો ૧૧ લીટર દેશી દારૂ પણ સામેલ હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૭ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા.

# બાબરા હોમગાર્ડ યુનિટ દ્વારા ૬ ડિસેમ્બર હોમગાર્ડ સ્થાપના દિનની વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો સાથે ઉજવણી

બાબરા,તા.૧૭

૬ ડિસેમ્બર હોમગાર્ડ સ્થાપના દિન નિમિત્તે બાબરા હોમગાર્ડ યુનિટ દ્વારા તારીખ ૧-૬-૨૦૨૫ થી ૬-૬-૨૦૨૫ દરમિયાન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમોની કડીમાં તારીખ ૩ ના રોજ કમળશી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું અને તારીખ ૪ ના રોજ તે જ સ્થળે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. તારીખ ૫ ના રોજ "પાણી બચાવો અભિયાન" અંતર્ગત રૂટ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે તારીખ ૬ ના રોજ સવારના સમયે બાબરા શહેરમાં પ્રભાતફેરી યોજી જનતાને સામાજિક જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.




તસવીર : દિપક કનૈયા

આ સમગ્ર કાર્યક્રમ કમાન્ડિંગ ઓફિસર એચ.પી. ખાચરની સૂચના તથા ઈન્ચાર્જ કમાન્ડિંગ ઓફિસર ગંભીરસિંહ સોલંકીના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા બાબરા હોમગાર્ડ યુનિટના પા.ટા. ક્લાર્ક દેવાયતભાઈ ધાધલ, જયવતસિંહ ચૌહાણ તેમજ યુનિટના એન.સી.ઓ. જહાંગીરખા અધલાણી, એમ.જે. સરવૈયા, કુ.એ.કે. સોલંકી, બી.એચ. શુકલ સહિત તમામ સભ્યોએ મહત્વનો ફાળો આપ્યો હતો.

## રાજુલા બાપા સીતારામ કોલેજના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાતે

રાજુલા, તા.૧૭



રાજુલા શહેરની બાપા સીતારામ કોલેજમાં પી.ટી.સી. (PTC) કરતા વિદ્યાર્થીઓએ રાજુલા પોલીસ સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ પોલીસની દૈનિક કામગીરી અને કાયદાકીય ફરજો વિશે જ્ઞાન મેળવવાનો હતો. પોલીસે વિદ્યાર્થીઓને તેમની કાર્યપ્રણાલી વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. વિશેષરૂપે, પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ હથિયારો બતાવવામાં આવ્યા હતા અને તે કયા સંજોગોમાં વાપરવામાં આવે છે, તેની વિગતવાર સમજણ આપવામાં આવી હતી. સમગ્ર પોલીસ સ્ટેશનની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને પોલીસ તંત્રની નજીકથી જાણકારી મળી હતી.

# બગસરામાં કોન્ટ્રાક્ટર પર હુમલા કરી ખંડણી માંગવાના કેસની તપાસ LCBને સોંપાઈ

બગસરા,તા.૧૭

બગસરા શહેરમાં આર.સી.સી. રોડના કામનો કોન્ટ્રાક્ટ રાખનાર એચ.એન. ઠેસીયા કન્સ્ટ્રક્શન કંપનીના માલિક અને સાહેદો પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી હતી. આરોપીઓએ એકસંપ કરી, આ સંદર્ભે અમદાવાદના શિલજમાં રહેતા અને કોન્ટ્રાક્ટર તરીકે ધંધો કરતાં હાર્દિકભાઈ નટવરલાલ ઠેસીયાએ કરણ નાગભાઈ વાળા, કપીલ જેબલીયા તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, એચ.એન. ઠેસીયા કન્સ્ટ્રક્શન કંપનીને બગસરા નગરપાલિકા દ્વારા આર.સી.સી. રોડ બનાવવાનું ટેન્ડર મળ્યું હતું. આ કામ માટેના એગ્રીમેન્ટ કરવા માટે તેઓ અને તેમના સાહેદો જ્યારે આવ્યા હતા, ત્યારે આરોપીઓને આ બાબત ગમી ન હતી. આરોપીઓએ રોષે ભરાઈને હથિયારો સાથે હુમલો કર્યો હતો. આરોપીઓએ તેમની ક્રેટા કાર (નંબર GJ-૦૧-WS-૬૯૪૨) પર ધોકા અને પાઈપ વડે હુમલો કરી આગળ-પાછળના કાચ, હેડલાઈટ અને સાઈડ મિરર તોડી નાખ્યા હતા. હુમલા દરમિયાન આરોપીઓએ તેમનો અને સાહેદોનો પીછો કર્યો હતો અને ધમકાવતા કહ્યું હતું કે, અહીં અમારા ગામમાં તમારાથી રોડનો કોન્ટ્રાક્ટ કેમ રખાય? અહીં અમારા સિવાય કોઈને કામ કરવા દેવાના નથી. જો અહીં કામ કરવું હોય તો અમને ખંડણી આપવી જ પડશે, નહિતર તને પતાવી દઈશું. આ ઘટનાની પોલીસ ફરિયાદ નોંધાતા અમરેલી જિલ્લા પોલીસ વડાએ કેસની ગંભીરતા સમજી તાત્કાલિક આ કેસની તપાસ એલસીબીને સોંપવામાં આવી છે.

# દેવગામ: બાળકીને કોર્ટમાં ખોટું બોલવા દબાણ કરી ધમકાવતા ચકચાર

વડીયા, તા. ૧૭

હાઈકોર્ટના આદેશ મુજબ માતા પાસે રહેવા ગયેલી બાળકીને ડરાવી-ધમકાવીને કોર્ટમાં પિતા વિરુદ્ધ ખોટું બોલવા માટે દબાણ કરવાની ગંભીર ઘટના સામે આવી છે. બાળકીને ભયભીત કરી ધમકી આપવાના મામલે સામાવાળા શખ્સ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગોંડલના ગુંદાળામાં રહેતા અને ડોક્ટર તરીકે ધંધો કરતા લક્ષીતભાઈ મનજીભાઈ સાવલીયા (ઉ.વ.૩૯) એ ગોંડલના દેરડી ગામે રહેતા ધીરૂભાઈ દેવશીભાઈ ખાત્રા સામે ફરિયાદ નોંધાવી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ**

ગં.સ્વ.પુષ્પાબેન જગદિશભાઈ રાઠોડ (ઉ.વ.૬૫)નું તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે પ્રતાપભાઈ, તેજલબેન, જલ્પાબેન, ભાવનાબેન, શિતલબેન, હિનાબેનના માતૃશ્રી થાય છે. તેમનું બેસણુ તા.૧૯/૧૨/૨૦૨૫ ના સાંજે ૪ થી ૬, રામેશ્વર મહાદેવ મંદિર જીવનનગર-૪, બ્રહ્મસમાજ અનિલ જ્ઞાન મંદિરની પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.દક્ષાબેન પ્રહલાદભાઈ જાદવ (ઉ.વ.૫૭)નું તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે વિશાઈભાઈના માતૃશ્રી થાય છે. તેમનું બેસણુ તા.૧૮/૧૨/૨૦૨૫ને ગુરુવારના રોજ સાંજના ૪ થી ૬ કલાકે શ્રી વાંઝા જ્ઞાતિની વાડી, પોસ્ટ ઓફિસ રોડ, નાવલી પોલીસ ચોકી પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીંગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી રવિભાઈ સામતભાઈ વડોદરિયા,
રહે.સત્યમ સોસાયટી, વેરાવળ હાઈવે, કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલિકા, કોડીનાર, તા.કોડીનાર, જિ.-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ રવિભાઈ સામતભાઈ વડોદરીયા તથા નીતા રવિભાઈ વડોદરિયાના પુત્ર રાજવીર રવિભાઈ વડોદરિયાનો જન્મ તારીખ :૨૮/૦૨/૨૦૨૨ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલિકા, કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૨૦૨૨ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છો. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી જેસિંગભાઈ દેવાભાઈ વાઝા,
રહે.ગીર દેવળી, ગામ-ગીર દેવળી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ગીરદેવળી, તા.કોડીનાર, જિ.-ગીર સોમનાથ
......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામના રહીશ શ્રી જેસિંગભાઈ દેવાભાઈ વાઝા તથા શ્રી અજાયબેન જેસિંગભાઈ વાઝાના પુત્ર હરેશભાઈ જેસિંગભાઈ વાઝાનો જન્મ તારીખ :૨૬/૦૨/૧૯૯૯ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ગીરદેવળી, તાલુકો-કોડીનાર સને-૨૦૨૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૩૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ખતીજાબેન સતારભાઈ સોરઠીયા,
રહે.મિતીયાજ, ગામ-મિતીયાજ,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત આલીદર, તા.કોડીનાર, જિ.-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મિતીયાજ ગામના રહીશ અલીમામદ વલીમામદ ગલર તથા જીલુબેન અલીમામદ ગલરના પુત્રી અજીજાબેન અલીમામદ ગલરનો જન્મ તારીખ :૦૧/૦૬/૧૯૬૧ ના રોજ કોડીનાર તાલુકાના આલીદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત આલીદર, તાલુકો-કોડીનાર સને-૧૯૬૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા..../૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી અમરસિંહ રામભાઈ વાળા,
રહે.દુદાણા,ગામ-દુદાણા,તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત દુદાણા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના દુદાણા ગામના રહીશ અમરસિંહ રામભાઈ વાળા તથા ઉજીબેન અમરસિંહ વાળાના પુત્રી વાળા અનિતાબેન અમરસિંહનો જન્મ તારીખ :૨૧/૧૨/૨૦૦૨ ના રોજ કોડીનાર તાલુકાના દુદાણા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત દુદાણા, તાલુકો-કોડીનાર સને-૨૦૦૨ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# લાઠીમાં બે સહિત જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ ત્રણ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ ત્રણ ફરિયાદ નોંધાઈ હતી. લાઠીમાં બે તથા સાવરકુંડલામાં એક ફરિયાદ નોંધાઈ હતી. સાવરકુંડલામાં સાયબર ફ્રોડના લાખો રૂપિયા પોતાના બેંક ખાતામાં મેળવી, તે નાણાં ઉપાડીને સગેવગે કરવાના મસમોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે આ મામલે સાવરકુંડલા અને મહુવા તાલુકાના બે શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતા.

આરોપી હિંમતભાઈ મધુભાઈ ઉનાવા (રહે. સાવરકુંડલા, હાથસણી રોડ) અને અજીતભાઈ સામતભાઈ પરમાર (રહે. ગોરસ, તા. મહુવા) એ એકસંપ કરી આર્થિક ફાયદો મેળવવાનું કાવતરું રચ્યું હતું. મ્યુલ (Mule) બેંક ખાતામાં ગત તા. ૧૮/૦૯/૨૦૨૫ થી ૨૬/૦૯/૨૦૨૫ દરમિયાન સાયબર ફ્રોડ દ્વારા મેળવેલી કુલ રૂા. ૧૭,૮૦,૪૭૨.૭૦ની રકમ જમા થઈ હતી. આ રકમ UPI, RTGS, IMPS, NEFT અને ચેક મારફતે ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. બંને આરોપીઓ જાણતા હતા કે આ નાણાં સાયબર ક્રાઈમ દ્વારા મેળવવામાં આવ્યા છે, તેમ છતાં પોતાના અંગત આર્થિક ફાયદા માટે તેમણે આ રકમ સાવરકુંડલા અને સુરત સહિતના અલગ-અલગ વિસ્તારોમાંથી ચેક તથા એ.ટી.એમ. મારફતે ઉપાડી લીધી હતી.

લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવાનું વધુ એક કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. જાનબાઈ દેરડી ગામે રહેતા અને અમૃત ડેરીમાં ખાનગી નોકરી કરતા ગોપાલભાઈ મશરૂભાઈ ગોલીતર (ઉ.વ. ૨૩) નામના યુવકે પોતાના આર્થિક ફાયદા માટે ગુનાહિત કૃત્ય આચર્યું હતું. આરોપીના લાઠી સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં ગત તા. ૨૪/૦૩/૨૦૨૫ થી ૨૯/૦૩/૨૦૨૫ દરમિયાન અલગ-અલગ તારીખે સાયબર ફ્રોડના કુલ રૂા. ૭,૫૦,૦૦૦ જમા થયા હતા. પોતાના બેંક ખાતામાં જમા થયેલી રકમ સાયબર ફ્રોડની છે તે જાણવા છતાં, ગોપાલ ગોલીતરે પોતાના અંગત ફાયદા માટે આ રકમ ખાતામાં જમા રહેવા દીધી હતી અને ત્યારબાદ ચેક મારફતે આ તમામ નાણાં ઉપાડીને સગેવગે કરી નાખ્યા હતા.

લાઠી તાલુકાના ચાવંડ ગામે પત્નીના બેંક ખાતામાં સાયબર ફ્રોડની રકમ જમા કરાવી, ચેક મારફતે નાણાં ઉપાડી લેનાર શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. હિરેનભાઈ જનકભાઈ ભટ્ટે પોતાની પત્નીના બેંક ઓફ બરોડાના ખાતાનો ઉપયોગ કરીને આર્થિક ફાયદો મેળવવાનું કાવતરું રચ્યું હતું. ગત તા. ૦૧/૦૫/૨૦૨૫ ના રોજ બે અલગ-અલગ IMPS ટ્રાન્ઝેક્શન દ્વારા પત્નીના ખાતામાં અનુક્રમે રૂ. ૧,૮૦,૦૦૦/- અને રૂ. ૭૦,૦૦૦/- મળી કુલ રૂ. ૨,૫૦,૦૦૦/- જમા થયા હતા. આ નાણાં સાયબર ફ્રોડ દ્વારા મેળવવામાં આવ્યા છે તેની આરોપીને સંપૂર્ણ જાણકારી હતી. તેમ છતાં, પોતાના આર્થિક લાભ માટે આરોપીએ બીજા જ દિવસે એટલે કે તા. ૦૨/૦૫/૨૦૨૫ ના રોજ પત્નીની ચેકમાં સહી કરાવી આ રકમ બેંકમાંથી ઉપાડી લીધી હતી અને તેને સગેવગે કરી નાખી હતી.

સાયબર સેલ અને સ્થાનિક પોલીસની તપાસમાં બેંક ટ્રાન્ઝેક્શન શંકાસ્પદ જણાતા આ સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. આગામી દિવસોમાં જિલ્લામાં વધુ ફરિયાદ નોંધાઈ શકે છે.

## સા.કુંડલામાં મોટા કોળીવાડ પાસેથી ૧૬ શકુની રોકડા રૂ.૯૬,૨૫૦ સાથે ઝડપાયા

સા.કુંડલા, તા.૧૭

સાવરકુંડલામાં મોટા કોળીવાડ પાસેથી ૧૬ શકુની રોકડા રૂ.૯૬,૨૫૦ સાથે ઝડપાયા હતા. અસ્લમભાઈ મયુદીનભાઈ મલેક, મનોજગીરી ચંદુગીરી ગોસાઇ, કેવલભાઇ રમેશભાઇ દેગામા, છગનભાઇ રવજીભાઇ ભાલીયા, જીતેશભાઇ લાલજીભાઇ પરમાર, ઓમકારગીરી સોમગીરી ગૌસ્વામી,અશ્વીનભાઇ ગોકુળભાઇ કથીરીયા, સજુભાઇ મનુભાઇ દલ, હીતેષભાઇ દીનેશભાઇ ઠકકર, આસીફભાઇ રૂસ્તમભાઇ સૈયદ, ગુલાબભાઇ સુલતાનભાઇ જાદવ, જસુભાઇ કથુભાઇ સોંડીયા, મહેબુબભાઇ અબ્દુલભાઇ મહીડા, પ્રતાપભાઇ ભીમભાઇ સોંડીયા, કીશનભાઇ ઉમેશભાઇ મેસુરીયા તથા નીતીનભાઇ રતીભાઇ જોષી જાહેરમાં ગંજીપતાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમી રમતા રોકડા રૂ. ૯૬,૨૫૦ના મુદામાલ સાથે ઝડપાયા હતા.

## ધારીના દલખાણીયા ગામે જમીન વેચાણના નાણા પડાવી લેનાર બે આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા

ધારી, તા.૧૭

ધારી તાલુકાના દલખાણીયા ગામે જમીન વેચાણના નાણાં બાબતે દલાલોએ ખેડૂતને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે આ મામલે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ખેડૂત જયસુખભાઇ કાળુભાઇ સુખડીયાએ રાજુભાઇ ધીરૂભાઇ સુખડીયા (રહે. દલખાણીયા) તથા જેનાભાઇ વાળા (રહે.પાણીયા તા.ધારી) સામે ફરિયાદ નોંધાવી હતી. દલખાણીયા ગામના ફરિયાદી ખેડૂતે પોતાની બાર વીઘા જમીનનું વેચાણ કર્યું હતું. આ સોદામાં જેનાભાઈ વાળા અને રાજુભાઈ ધીરુભાઈ સુખડીયા દલાલ તરીકે રહ્યા હતા. જમીન વેચાણ પેટે તેમની પાસે રૂ. ૫૦,૨૦,૦૦૦ રોકડા અને રૂ. ૧૦,૦૦,૦૦૦નો ચેક આવ્યો હોવાની આ બંને દલાલોને જાણ હતી.



પૈસાની લાલચમાં બંને આરોપીઓએ તેમની વાડીએ પહોંચી ગાળાગાળી કરી હતી. આરોપી રાજુભાઈએ ધોકો ઉગામી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને રૂ. ૧૦ લાખનો ચેક સોંપી દેવા દબાણ કર્યું હતું. ફરિયાદીએ ડરના માર્યા ચેક આપી દીધો હતો. આરોપી જેનાભાઈએ રાજુભાઈની મદદથી આ રૂ. ૧૦ લાખનો ચેક વટાવ્યો હતો અને તેમાંથી રૂ. ૫,૦૦,૦૦૦ બળજબરીપૂર્વક કઢાવી લીધા હતા. જેથી પોલીસે ઘટનાની ગંભીરતા સમજી તાત્કાલિક બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

## ધારીમાં ફરિયાદ પાછી ખેંચવા દબાણ કરી ધમકી આપી

ધારી, તા.૧૭

ધારીમાં એક શખ્સે અગાઉ થયેલી એટ્રોસિટીની ફરિયાદ પાછી ખેંચવા દબાણ ઉભું કરવાના ઈરાદે સોશિયલ મીડિયામાં જ્ઞાતિ પ્રત્યે વૈમનસ્ય ફેલાવતો વીડિયો અપલોડ કર્યો હતો. ફેસબુક પર અનુસૂચિત જાતિના લોકો પ્રત્યે તિરસ્કાર ફેલાવતા આ વીડિયો મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દિનેશકુમાર ગીગાભાઇ ગોહિલ (ઉ.વ.૩૩)એ રવીકુમાર ભરતભાઇ જોષી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, તેમણે આરોપી વિરુદ્ધ અગાઉ ધારી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. આ વાતનું મનદુઃખ રાખીને આરોપીએ તેમને ફરિયાદ પાછી ખેંચવા દબાણ શરૂ કર્યું હતું. આ માટે તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુકનો સહારો લીધો હતો. આરોપીએ પોતાના ફેસબુક એકાઉન્ટમાં એક વીડિયો અપલોડ કર્યો હતો. જેમાં જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક ટિપ્પણી કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## સાવરકુંડલામાં કાનજી બાપુની ૯ઉમી પુણ્યતિથિની ભવ્ય ઉજવણી, શોભાયાત્રા અને સંતવાણી યોજાઈ

સાવરકુંડલા,તા.૧૭

ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ તથા કાનજી બાપુ સેવા ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલામાં કાનજી બાપુની ૯ઉમી પુણ્યતિથિની ઉજવણી થઈ હતી. આ પ્રસંગે ૧૫ ડિસેમ્બર ૨૦૨૫, સોમવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે સત્કાર સમારોહ યોજાયો હતો. ત્યારબાદ સાંજે સંતવાણીનું ભવ્ય આયોજન થયું હતું, જેમાં જાણીતા કલાકાર રાજ ગઢવી, મયુર દવે તથા



તસવીર : સૌરભ દોશી

હિતેશ અંટારાએ ભજન અને સંતવાણીની પ્રસ્તુતિ કરી હતી. તારીખ ૧૬ ડિસેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ સવારે ૮:૦૦ કલાકે સાવરકુંડલા ખાતે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ કાર્યક્રમ માટે મધાબાપુની જગ્યાના મહંત હસુ બાપુ, ગોકુલ બાપુ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

જેમાં ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ તથા કાનજી બાપુ સેવા ટ્રસ્ટના આગેવાનો, જ્ઞાતિજનો, રાજકીય, સામાજિક અને ધાર્મિક આગેવાનો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ધારીથી અમરેલી કોલેજ જવાનું કહીને નીકળેલી યુવતી ગુમ

ધારી, તા.૧૭

ધારીમાં રહેતી એક યુવતી અમરેલી કોલેજ જવાનું કહીને નીકળ્યા બાદ ગુમ થઈ હતી. આ અંગે મુમતાજબેન મેહબુબશા પઠાણ (ઉ.વ.૩૯) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ફરજાનાબેન મેહબુબશા પઠાણ (ઉ.વ.૧૯) પોતાના ઘરેથી અમરેલી પ્રતાપરાય કોલેજ ખાતે અભ્યાસ કરવા માટે જવાનું કહીને ગયા બાદ પરત ફરી નહોતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી.

## ખાંભાના મોટા બારમણ ગામે પરિણીતાએ એસિડ પીધું

ખાંભા, તા.૧૭

ખાંભાના મોટા બારમણ ગામે એક પરિણીતાએ માનસિક બીમારીથી કંટાળી એસિડ પીધું હતું. બનાવ અંગે દેવકુભાઈ ઉર્ફે મુન્નાભાઈ ડોસલભાઈ વરૂ (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્નીને માનસિક બિમારીની દવા ચાલુ હતી. તે માનસિક અસ્થિર રહેતા હતા. માનસિક બીમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે એસિડ પી’ જતા સારવારમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## ધારીના ત્રંબકપુરમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ ન થતાં યુવકે ગળાફાંસો ખાધો

ધારી, તા. ૧૭

ધારીના ત્રંબકપુરમાં ચોંકાવનારી ઘટના બની હતી. સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ ન થતાં યુવકે ગળાફાંસો ખાધો હતો. આ અંગે અંકીતભાઈ ઘનશ્યામભાઈ બાવસીયા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, રુત્વીકભાઈ જીતુભાઈ બાવસીયા (ઉ.વ.૨૩) સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હતા. અવારનવાર પરીક્ષા આપવા છતાં પાસ થતા ન હોવાતી ટેન્શનના કારણે મનમાં લાગી આવતા ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.જે. વાળા



વધુ તપાસ કરી રહ્યા છે. બાબરાના ચમારડી ગામે રહેતા મહેશભાઈ જગાભાઈ ગમારા (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, જગાભાઈ મામૈયાભાઈ ગમારા (ઉ.વ.૬૮)ને છેલ્લા ૪૦ વર્ષથી માનસિક બિમારી હતી. તેઓ ડેમમાં પાણી પીવા જતા અકસ્માતે પગ લપસતા પાણીમાં પડી જતા પાણીમાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદશ
તા. ૧૮-૧૨-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૮,
સૂર્યાસ્ત-૦૫:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

### દૈનિક રાશિફળ

તા.૧૮-૧૨-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભોગ બનવું પડશે. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસથી કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે.

## કુંકાવાવના જંગર ગામે સ્વર્ગસ્થ દંપતીની પ્રથમ પુણ્યતિથિએ સેવાકીય કાર્ય કરાયા

અમરેલી,તા.૧૭

જંગર ગામે સ્વર્ગસ્થ ચકાભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ અને તેમના પત્ની લક્ષ્મીબેન ચકાભાઈ ચૌહાણની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવારે વિવિધ પ્રેરણારૂપ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. એક વર્ષ પહેલાં કુદરતી અવસાન પામેલા આ દંપતીની સ્મરણાંજલિ રૂપે સમાજસેવાના ઉત્તમ કાર્યક્રમો યોજાયા હતા.



**રક્તદાન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ સહિત ભજન કાર્યક્રમ યોજાયો**

દંપતીની પ્રથમ પુણ્યતિથિએ રક્તદાન કેમ્પ, આયુર્વેદિક નિદાન, પશુ નિદાન અને સારવાર કેમ્પ, તેમજ નાક-કાન-ગળા અને બાળકો માટે દાંતના નિદાન કેમ્પ જેવા વિવિધ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ મોટી સંખ્યામાં આ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. આ ઉપરાંત, ભજન સાથે દેશી ઢાળ અને રાગ સાથેની રજૂઆતથી ગ્રામીણ સંસ્કૃતિને પણ ઉજાગર કરવામાં આવી હતી.

## બાબરામાં મહિલાએ હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા ધમકી આપી

બાબરા, તા.૧૭

બાબરામાં હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા છુટ્ટી ઈંટ મારવામાં આવી હતી તેમજ જાનથી મારવાની ધમકી પણ આપી હતી. રેખાબેન અરજણભાઈ ખુમાણ (ઉ.વ.૩૫)એ અજયભાઈ ખીમજીભાઈ સાગઠીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે આરોપીને રૂા.૧૦૦૦ હાથ ઉછીના આપ્યા હતા. જે પૈસા પરત માંગતા આરોપીને સારું નહોતું લાગ્યું. તે ઉશ્કેરાઈને જેમ-ફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. તેણે આપવાની ના પાડતા ઈંટ લઈને મારવા જતા સાહેદ સંજયભાઈ વચ્ચે પડતા આરોપીએ તેને છુટ્ટી ઈંટ મારતા કાનમાં લોહી કાઢી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.


### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૭૩/૨૦૨૫

પ્રતિ,
શ્રી સંજય વજેસિંહભાઈ પરમાર,
રહે.નવાગામ,ગામ-નવાગામ,તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નવાગામ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નવાગામ ગામના રહીશ શ્રી સંજય વજેસિંહભાઈ પરમારના માતા સ્વ.જાનુબેન વજેસિંહભાઈ પરમારનું મરણ તારીખ :૦૯/૦૪/૨૦૨૧ ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના મુળદ્વારકાના સને.૨૦૨૧ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવમેજીસ્ટેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી

કેસ નં.જન્મ/મરણ પરચુરણ અરજ ૧૪૬/૨૫

અરજદાર:- અરૂણભાઈ શાંતિલાલ ત્રીવેદી,
રે.મુ.દામનગર, તા.લાઠી
વિરૂધ્ધ
સામાવાળા:- જન્મ -મરણ નોંધણી અધિકારી, નગર પાલીકા કચેરી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર ગામના રહીશ અરજદારના બહેન યામીનીબહેન શાંતિલાલ ત્રીવેદીનો જન્મ મોજે દામનગર, તા.લાઠી ગામે તા. ૨૩/૦૭/૧૯૭૮ના રોજ થયેલ હોવાની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા દ્વારા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમનાં મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ ૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થીત રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તા.

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી.

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૪/૨૦૨૫

અરજદારશ્રી:- ગમારા સુખાભાઈ સાદુળભાઈ
રે.ચીખલી તા. સાવરકુંડલા જી. અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તકમશ્રી ચીખલી તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી મલુબેન સાદુળભાઈ ગમારાનું મરણ તા.૨૫/૦૮/૧૯૯૦ ના રોજ મુ.ચીખલી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**તંત્રી લેખ**

# સનાતનનો વિશ્વવ્યાપી પ્રકાશ

ભારતભૂમિ અને સનાતન ધર્મ એ બે અલગ અલગ નામો નથી; તેઓ એક બીજામાં એવા એકલીન કરે છે કે જાણે એકનું અસ્તિત્વ બીજા વિના અધૂરું હોય. આ ધર્મનું બ્રહ્માંડીય જ્ઞાન, તેનો વિશ્વબંધુત્વનો ભાવ અને શાંતિનું અમૃત સમગ્ર વિશ્વમાં ફેલાયું છે. તેનો પ્રકાશ સામાન્ય માનવીથી લઈને વિશ્વના શ્રેષ્ઠ માંધાતાઓના મન અને ચિંતનને આલોકિત કરે છે, જેઓ કોઈ લોભ-લાલચ વિના, સ્વેચ્છાએ આ જીવનદર્શન તરફ આકર્ષાયા છે. આવા અનેક આંતરરાષ્ટ્રીય મહાનુભાવોએ સનાતન તત્ત્વજ્ઞાનને કેવળ વિચારનો વિષય નહીં, પણ જીવનના આચરણનો ભાગ બનાવ્યું છે.

આધુનિક યુગના પ્રતિક એલન મસ્કના પિતા ઈરોલ મસ્કએ ભારત પ્રવાસે આવી સનાતન ધર્મ પ્રત્યેની ઊંડી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. ભગવાન શિવના માર્ગની તેમણે પ્રશંસા કરતાં કહ્યું હતું કે જો સમગ્ર વિશ્વ આ માર્ગે ચાલે તો બધું સુધરી જાય. હિન્દુ ધર્મની પ્રાચીનતા અને ગહનતાએ તેમને ચકિત કર્યા, એ વાતની પણ નોંધ લીધી કે આપણું જ્ઞાન હજુ કેટલું મર્યાદિત છે.

ઈરોલ મસ્ક આ કડીના પ્રથમ નથી. સદીઓથી, સનાતનનું તત્ત્વજ્ઞાન, ગીતાનું જ્ઞાન અને આખી સંસ્કૃતિ વિદેશી મેધાઓને આકર્ષિત કરતી આવી છે. વિજ્ઞાનના મહાન સિકંદર, આલ્બર્ટ આઈન્સ્ટાઈન પર ભગવદ્ ગીતાની એવી છાપ પડી કે તેણે સ્વીકાર્યું: ગીતાના જ્ઞાન સામે વિશ્વનું બાકીનું સર્વજ્ઞ નિરર્થક જણાયું. જર્મનીના કવિ અને લેખક હેર્મન હેસેના જીવન અને સર્જન પર ગીતા અને સનાતન ચિંતનની અમિટ છાપ છે. એવા જ પ્રભાવ નોબેલ પુરસ્કાર વિજેતા દાર્શનિક અને ચિકિત્સક અલ્બર્ટ શ્વાઈઝર, મનોવિજ્ઞાની કાર્લ ગુસ્તાવ યુંગ અને ઈંગ્લેંડના સાહિત્યકાર આલ્ડસ હક્સલીના જીવનમાં પણ દેખાય છે, જેઓ એકમતે માનતા હતા કે માનવીને મૂલ્યબોધ અને આત્મદર્શન કરાવવામાં ભગવદ્ ગીતા અનુપમ ગ્રંથ છે. અમેરિકન દાર્શનિક અને સાહિત્યકાર રાલ્ફ વાલ્ડો ઈમર્સન અને હેનરી ડેવિડ થોરો પણ આ જ પરંપરાના ભક્ત હતા.

ખગોળશાસ્ત્રી કાર્લ સેગનનું માનવું હતું કે બ્રહ્માંડનું આધુનિક વૈજ્ઞાનિક વર્ણન હિન્દુઓના વેદ-ઉપનિષદમાં આપેલ વર્ણન સાથે અદ્ભુત સુસંગતતા ધરાવે છે. જર્મન ભૌતિકશાસ્ત્રી વર્નર હાઈઝનબર્ગે પણ ક્વોન્ટમ સિદ્ધાંત અને વૈદિક ચિંતન વચ્ચેનો ગાઢ સંબંધ નોંધ્યો હતો, એવું કહીને કે ક્વોન્ટમ સિદ્ધાંત વેદ પરંપરાના અભ્યાસીઓને નવાઈભર્યો નહીં લાગે. એવા જ પ્રતિભાશાળી વૈજ્ઞાનિક હેન્સ-પીટર ડુર્ને તો હિન્દુ ધર્મગ્રંથોનો ૩૪ વર્ષ સુધી સતત અભ્યાસ કર્યો હતો. આ તમામ દૃષ્ટાંતો એક સ્પષ્ટ સત્યની ચિંતનશીલ ઘોષણા કરે છેઃ સનાતન ધર્મ કોઈ ભૌગોલિક સીમાઓમાં બંધાયેલ પંથ નથી. તે તો શાશ્વત સત્યોનો, બ્રહ્માંડના નિયમોનો અને આત્મદર્શનનો સર્વવ્યાપી સ્ત્રોત છે. જ્યારે વિજ્ઞાન, દર્શન અને સાહિત્યના શિખરો પર બિરાજતા માનવમતિ સત્યની ખોજમાં નીકળે છે, ત્યારે તેમની યાત્રા ઘણી વાર ભારતીય ઋષિઓના પ્રાચીન જ્ઞાનસાગર પર આવીને પૂર્ણ થાય છે. એલન મસ્કના પિતાથી લઈને ઓપનહાઈમર સુધી, આ મહાન વિભૂતિઓએ સાબિત કરી આપ્યું છે કે સનાતનનો પ્રકાશ અંતરિક્ષ જેટલો વિશાળ અને સૂર્ય જેટલો તેજસ્વી છે, જે સમગ્ર માનવજાતિને તેની શાંતિ, સંવેદના અને એકત્વના સંદેશ સાથે આલિંગન આપવા તત્પર છે. તેની પ્રાસંગિકતા કાલજયી છે, કારણ કે તે માનવહૃદયના ઊંડાણમાં વસેલા મૂળ પ્રશ્નોનો ઉત્તર છે.

# ૪૦૦ એકરમાં ફેલાયેલું વિશ્વનું સૌથી મોટું શિવાલય ભારતમાં નથી વિદેશમાં છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હિંદુ ધર્મની વિશ્વવ્યાપી છાપ એટલે કંબોડિયા અને ઈન્ડોનેશિયાના પ્રાચીન મંદિરો. આજની તારીખે વિશ્વનું સૌથી મોટું શિવાલય ભારતમાં નથી પણ કંબોડિયામાં છે. વિશ્વમાં ૫,૦૦૦ શિવ મંદિર છે જેમાં વિષ્ણુનું મંદિર ૫૦૦૦ વર્ષ જૂનું છે. જે વિદેશમાં છે!! કંબોડિયાનું શિવ મંદિર ૪૦૦ એકરમાં ફેલાયેલું છે જે આજની તારીખે સૌથી મોટું ધાર્મિક સ્થાપત્ય છે!!

હિંદુ ધર્મનો ઈતિહાસ અને પ્રભાવ ભારતની સીમાઓથી ઘણો આગળ વિસ્તરેલો છે. એશિયાના ઘણા દેશોમાં તેની સંસ્કૃતિ, દેવીદેવતાઓ અને સ્થાપત્યકલાની ઊંડી છાપ જોવા મળે છે. આમાં કંબોડિયા અને ઈન્ડોનેશિયા અનોખાં સ્થાન ધરાવે છે, જ્યાં હજારો વર્ષ જૂના પ્રભાવશાળી મંદિરો અને સંસ્કાર આજે પણ જીવંત છે. આ લેખમાં આપણે વિશ્વના સૌથી મોટા મંદિર અંકોરવાટની મહત્તા, ઈન્ડોનેશિયામાં હજારો શિવ મંદિરોની હાજરી અને દરિયા તળે ડૂબેલી પ્રાચીન દ્વારકા નગરીના રહસ્યો જાણીશું.

કંબોડિયામાં આવેલું અંકોરવાટ મંદિર એ માનવ સર્જનની એક અદ્ભુત કૃતિ છે. વિશ્વનું સૌથી મોટું ધાર્મિક સ્મારક હોવાના ખિતાબથી શોભતું આ મંદિર લગભગ ૪૦૦ એકર જેટલા વિશાળ પ્રદેશમાં પથરાયેલું છે. આનું નિર્માણ ખ્મેર સમ્રાટ સૂર્યવર્મન દ્વિતીય દ્વારા બારમી સદીમાં કરવામાં આવ્યું હતું. મૂળરૂપે વિષ્ણુ અને પછી બુદ્ધને સમર્પિત આ મંદિર, પરંતુ તેના મૂળમાં હિંદુ ધર્મશાસ્ત્ર અને સ્થાપત્યની ગહન છાપ છે. અંકોરવાટ એ ખાસ કરીને 'મેરુ પર્વત'નું પૃથ્વી પરનું પ્રતીક છે, જે હિંદુ પૌરાણિક કથાઓમાં બ્રહ્માંડનું કેન્દ્ર મનાય છે. તેની દીવાલો વિષ્ણુ અને કૃષ્ણના જીવન પ્રસંગો, સમુદ્ર મંથન જેવા પ્રસંગો અને અપ્સરાઓની મૂર્તિઓથી સુશોભિત છે. આ મંદિર માત્ર પથ્થરોનું જંગલ નથી, પણ તે એક વિશાળ આધ્યાત્મિક અને ખગોળીય રચના છે, જેનું બાંધકામ સૂર્ય અને ચંદ્રની ગતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. એક રોમાંચક તથ્ય એ છે કે ૧૯૮૫ સુધી કંબોડિયાની રાષ્ટ્રભાષા સંસ્કૃત હતી, જે આ ધાર્મિક અને સાંસ્કૃતિક જોડાણની ગાઢતાનું સૂચક છે. અંકોરવાટ આજે માનવશક્તિ, શ્રદ્ધા અને કલાનું એક અનન્ય પ્રતીક બની રહ્યું છે.

ઈન્ડોનેશિયા, જે વિશ્વનો સૌથી મોટો મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ છે, ત્યાં પણ હિંદુ ધર્મની પ્રાચીન જડ ઊંડી છે. આ દેશમાં પાંચ હજારથી પણ વધુ શિવ મંદિરોનું અસ્તિત્વ છે, જે પ્રાચીન હિંદુ સામ્રાજ્યોના પ્રભાવની સાક્ષી આપે છે. ઈન્ડોનેશિયાના બાલી ટાપુ પર તો હિંદુ સંસ્કૃતિ આજે પણ પૂર્ણ રીતે જીવંત છે. અહીં દરિયાની અંદર એક અદ્ભુત રહસ્ય દફનાયેલું છે.



દરિયાની લગભગ ૫૦૦ મીટર ઊંડાઈમાં એક પ્રાચીન વિષ્ણુ મંદિરનાં અવશેષો મળી આવ્યાં છે. ઈન્ડોનેશિયાનો મુસ્લિમ પુરાતત્ત્વ ખાતાનો અંદાજ છે કે આ મંદિર લગભગ પાંચ હજાર વર્ષ જૂનું હોવું જોઈએ. આજે પણ પ્રવાસીઓ ટિકિટ લઈને આ જલસમાધિ ધરાવતા મંદિરનાં અવશેષો જોવા ડુબકી લગાવી શકે છે. બાલીમાં જ અનોખી પ્રથા એ છે કે સુલતાનના મહેલમાં લગભગ દોઢસો વર્ષથી રોજ અથાક, રાત-દિવસ રામધુન ગવાય છે અને સાંજે મૂક નાટકો દ્વારા રામાયણની કથા પ્રદર્શિત કરવામાં આવે છે.

ભારતમાં પણ દરિયામાં ડૂબેલી પ્રાચીન નગરીનું રહસ્ય દ્વારકા સાથે જોડાયેલું છે. ગુજરાતના તટ પાસે અરબી સમુદ્રમાં, પ્રાચીન દ્વારકા નગરીના અવશેષો મળી આવ્યા છે, જે હિંદુ માન્યતા પ્રમાણે ભગવાન કૃષ્ણની રાજધાની હતી. સમુદ્ર તળેથી મળી આવેલી સ્થાપત્ય રચનાઓ, પ્રસાદી વસ્તુઓ અને હથિયારો આ નગરીની ઐતિહાસિકતા સાબિત કરે છે. ભારતીય પુરાતત્ત્વ ખાતાના સંશોધન અનુસાર આ અવશેષો લગભગ ત્રણ હજારથી વધુ વર્ષ જૂના છે. આધુનિક દ્વારકા ધામથી કેટલાક કિલોમીટર દૂર સમુદ્રમાં જોવા મળતા આ અવશેષો ધાર્મિક શ્રદ્ધા અને ઐતિહાસિક જિજ્ઞાસા બંનેને આકર્ષે છે.

પ્રાચીન હિંદુ ગ્રંથો અને લોકકથાઓમાં વર્ણવેલી ભગવાન કૃષ્ણની ભવ્ય રાજધાની દ્વારકા નગરીના રહસ્યને ઉકેલવાનું સંશોધન એ ભારતીય સમુદ્ર પુરાતત્વશાસ્ત્રનો એક મહત્ત્વપૂર્ણ અધ્યાય છે. માન્યતા અનુસાર, કૃષ્ણના સ્વર્ગવાસ પછી આ નગરી સમુદ્રમાં ડૂબી ગઈ હતી. આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોએ આ પૌરાણિક વાર્તાની ઐતિહાસિકતા પરથી પડદો ઉપાડવાનો પ્રયાસ કર્યો છે.

આ સંશોધનની શરૂઆત લગભગ ૧૯૬૦ના દશકથી થઈ, પરંતુ ૧૯૮૩માં 'ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ' (ASI) તરફથી શરૂ કરવામાં આવેલા વ્યવસ્થિત અભિયાને તેને વેગ આપ્યો. સમુદ્રના તળિયે જટિલ પરિસ્થિતિઓ, જેમ કે પ્રબળ ધારાઓ અને મર્યાદિત દૃશ્યતા, હોવા છતાં, સંશોધકોએ અદ્યતન ડાઈવિંગ તકનીકો અને સોનાર સર્વેક્ષણનો ઉપયોગ કર્યો. ગુજરાતના આધુનિક દ્વારકા શહેર નજીક 'બેટ દ્વારકા' પ્રદેશના સમુદ્ર તળેથી મળી આવેલા અવશેષો આ સંશોધનના પાયાના થાંભલા બન્યા.

સંશોધનમાં સમુદ્રતળેથી પથ્થરના વિશાળ બ્લોક્સથી બનેલી દીવાલો, ચોક્કસ ભૂમિતિ ધરાવતાં પથ્થરના સ્તંભો, વિવિધ આકારના પ્રસાદી વાસણો અને અન્ય માળખાકીય અવશેષો મળી આવ્યાં છે. સૌથી રોમાંચક શોધોમાં પ્રાચીન પથ્થરના લંગરોનો સમાવેશ થાય છે, જે સૂચવે છે કે આ સ્થળ એક વ્યસ્ત બંદર-નગરી રહી હોવી જોઈએ. કાર્બન ડેટિંગ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓએ આ અવશેષોનો સમયગાળો ઈ.સ. પૂર્વે ૧૫૦૦ ઈ.સ. પૂર્વે ૧૮૦૦ની વચ્ચેનો ઠરાવ્યો છે, જે પૌરાણિક કથાઓમાં દર્શાવેલ સમયગાળા સાથે સંગતતા ધરાવે છે.

દરિયામાં ડૂબેલી દ્વારકાનું સંશોધન એ કેવળ એક ધાર્મિક આખ્યાનની શોધ નહીં, પણ ભારતીય ઉપખંડની સમુદ્રકાંઠાની પ્રાચીન વેપારિક, સામાજિક અને સાંસ્કૃતિક જટિલતાને સમજવાની કડી છે. તે એવા યુગનો પડઘો છે જ્યાં ઉન્નત શહેરી સંસ્કૃતિઓ અસ્તિત્વમાં હતી. હાલનાં સંશોધનો પણ ચાલુ છે, જે પ્રાચીન ભારતના ઈતિહાસના એક રોમાંચક પાસાને પ્રકાશિત કરી રહ્યાં છે અને પૌરાણિક કથા અને ઐતિહાસિક વાસ્તવિકતા વચ્ચેનો આકર્ષક સંબંધ ઉજાગર કરી રહ્યાં છે.

સાર રૂપે કહીએ તો, અંકોરવાટથી લઈને બાલીના દરિયાઈ મંદિરો અને દ્વારકાના અવશેષો સુધી, હિંદુ ધર્મની સાંસ્કૃતિક અને ધાર્મિક ધારા એશિયાના ઘણા ભાગોમાં પ્રવાહિત થઈ છે. આ સ્થળો માત્ર પથ્થરો અને ઈંટોની રચના નથી, પણ તે પ્રાચીન સંસ્કૃતિ, વેપાર, દંતકથાઓ અને આધ્યાત્મિક શોધની જીવંત નિશાનીઓ છે. તેઓ એવા સમયનું સ્મરણ કરાવે છે જ્યાં ધાર્મિક વિચારો દેશોની સીમાઓથી મુક્ત હતા અને કલા અને શ્રદ્ધા માનવીને એકસૂત્રમાં પરોવતી હતી. આ ઐતિહાસિક વિરાસતનું સંરક્ષણ અને અધ્યયન ભવિષ્યની પેઢીઓ માટે આપણી સામૂહિક માનવતાની સમજણને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**૪૦૦ એકરમાં ફેલાયેલું વિશ્વનું સૌથી મોટું મંદિર વિદેશની ધરતી પર છે અને તેને માટે અત્યારે બે દેશો વચ્ચે લડાઈ ચાલી રહી છે. વિશ્વના સૌથી મોટા મંદિર વિશે જાણવું જરૂરી છે. ભગવાન સોમનાથ અને મહાકાલેશ્વરના મંદિરો કરતા સૌથી મોટું આ ધાર્મિક સ્થાપત્ય છે જે આપણા માટે ગૌરવની વાત.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૭૦ | ૧૫૪૪ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૬૧૮ |
| જુવાર સફેદ | ૭૯૦ | ૮૯૦ |
| બાજરી | ૩૦૦ | ૪૧૬ |
| તુવેર | ૯૦૦ | ૧૪૦૪ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૬૬ |
| મગ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૫૭૫ | ૧૦૦૧ |
| ચોળી | ૯૦૦ | ૧૧૨૦ |
| મઠ | ૯૪૦ | ૧૬૦૦ |
| વટાણા | ૭૦૦ | ૧૬૫૦ |
| કળથી | ૪૨૫ | ૫૦૪ |
| રાજમા | ૯૦૦ | ૧૪૬૦ |
| મગફળી જાડી | ૧૦૨૫ | ૧૩૯૫ |
| મગફળી જીણી | ૧૦૧૫ | ૧૩૭૧ |
| તલી | ૧૭૫૦ | ૨૧૫૦ |
| એરંડા | ૯૫૦ | ૧૩૧૦ |
| અજમો | ૧૭૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૮૧૫ | ૮૮૬ |
| સીંગફાડા | ૯૨૦ | ૧૪૭૯ |
| કાળા તલ | ૩૭૧૦ | ૫૦૩૦ |
| લસણ | ૧૦૫૦ | ૨૧૦૫ |
| ધાણા | ૧૪૨૦ | ૧૮૮૦ |
| મરચા સુકા | ૧૩૧૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૧૯૩૦ |
| વરીયાળી | ૧૧૨૧ | ૧૫૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૪૦ |
| રાય | ૧૩૫૦ | ૧૯૪૦ |
| મેથી | ૭૫૦ | ૧૨૮૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૨૫ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૪૫૦ |
| રાયડો | ૧૦૨૫ | ૧૨૭૫ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૯૦૦ |
| ગુવારનું બી | ૯૬૫ | ૯૬૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૪ | ૬૫૮ |
| પપૈયા | ૬૫ | ૯૫ |
| બટેટા | ૧૪૩ | ૪૦૭ |
| ડુંગળી સુકી | ૭૦ | ૨૪૦ |
| ટમેટા | ૬૨૧ | ૯૧૩ |
| સુરણ | ૫૯૪ | ૭૦૩ |
| કોથમરી | ૨૯૩ | ૪૧૭ |
| મુળા | ૨૫૮ | ૩૬૪ |
| રીંગણા | ૫૯૮ | ૧૦૧૭ |
| કોબીજ | ૧૨૬ | ૨૪૪ |
| ફ્લાવર | ૩૦૬ | ૫૪૮ |
| ભીંડો | ૮૧૧ | ૧૨૨૬ |
| ગુવાર | ૧૧૯૯ | ૧૮૦૬ |
| ચોળાસીંગ | ૬૦૪ | ૮૧૯ |
| વાલોળ | ૬૨૬ | ૯૦૩ |
| ટીંડોળા | ૩૯૪ | ૮૦૪ |
| દુધી | ૧૧૧ | ૧૯૪ |
| કારેલા | ૬૨૭ | ૮૦૯ |
| સરગવો | ૧૧૪૮ | ૨૦૧૭ |
| તુરીયા | ૮૪૧ | ૧૬૧૫ |
| પરવર | ૯૯૬ | ૧૪૧૩ |
| કાકડી | ૩૫૭ | ૮૦૬ |

| | | |
|---|---|---|
| ગાજર | ૩૨૧ | ૫૦૯ |
| વટાણા | ૬૧૩ | ૮૧૭ |
| તુવેરસીંગ | ૨૯૪ | ૫૦૮ |
| ગલકા | ૩૨૩ | ૭૧૪ |
| બીટ | ૨૦૪ | ૩૧૭ |
| મેથી | ૨૧૪ | ૩૪૧ |
| વાલ | ૭૦૪ | ૧૦૧૬ |
| ડુંગળી લીલી | ૩૧૧ | ૪૦૨ |
| આદુ | ૯૧૪ | ૧૨૫૨ |
| ચણા લીલા | ૬૯ | ૪૨૭ |
| મરચા લીલા | ૪૧૩ | ૭૫૮ |
| હળદર લીલી | ૪૨૫ | ૫૭૯ |
| લસણ લીલું | ૭૧૪ | ૧૧૭૯ |
| મકાઇ લીલી | ૧૯૭ | ૩૨૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૫૫૬ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૮૦ |
| સિંગદાણા જાડા | ૧૦૦૦ | ૧૪૯૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૪૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૬ | ૧૩૧૬ |
| તલ લાલ | ૨૩૭૧ | ૨૩૭૧ |
| જીરૂ | ૨૬૦૧ | ૪૧૬૧ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૧૧ |
| અડદ | ૮૫૧ | ૧૩૪૧ |
| મઠ | ૫૭૬ | ૫૭૬ |
| તુવેર | ૯૦૧ | ૧૩૫૧ |
| મેથી | ૬૦૧ | ૧૨૨૧ |
| કાંગ | ૩૦૦ | ૪૩૧ |
| સફેદ ચણા | ૧૦૧૧ | ૨૦૧૧ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૧૫૧ |
| ઇસબગુલ | ૧૭૪૧ | ૨૨૦૦ |
| ધાણી | ૧૧૫૧ | ૨૦૧૧ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૪૫૧ |
| બાજરો | ૩૨૧ | ૪૬૧ |
| જુવાર | ૮૨૧ | ૧૦૦૧ |
| મકાઇ | ૩૨૬ | ૩૨૬ |
| મગ | ૯૨૬ | ૧૭૭૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૯૬ |
| વાલ | ૭૯૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૪૨૬ | ૬૨૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| કળથી | ૭૦૧ | ૧૬૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૯૧ |
| વટાણા | ૪૦૧ | ૧૨૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૧૦૦ |


| | | |
|---|---|---|
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૦૦ |
| અંબાળા | ૩૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૨૮૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૬ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૬ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૭૦ | ૧૩૫૫ |
| શીંગ ગીરનાર | ૯૮૫ | ૧૩૪૦ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૩૮૦ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૨૯૦ |
| તલ કાળા | ૨૧૬૦ | ૫૦૦૦ |
| તલ કાશ્મીરી | ૨૩૫૦ | ૨૩૮૨ |
| બાજરો | ૩૭૦ | ૪૪૦ |
| જુવાર | ૭૫૦ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૦ |
| મગ | ૧૦૧૦ | ૧૭૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૨૫ |
| ચણા | ૭૮૦ | ૧૦૮૦ |
| ચણા દેશી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સફેદ ચણા | ૭૮૦ | ૧૦૫૦ |
| છોલે ચણા | ૧૨૨૫ | ૧૫૭૦ |
| તુવેર | ૭૭૭ | ૧૩૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| એરંડા | ૧૦૫૫ | ૧૩૦૦ |
| જીરૂ | ૧૭૦૦ | ૩૮૮૦ |
| રાય | ૧૫૪૦ | ૧૭૭૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૯૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૬ |
| મરચા લાંબા | ૬૯૦ | ૩૫૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૧૦ | ૪૧૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૧૦ | ૩૧૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૮૦૦ | ૯૫૦ |
| સુરણ | ૮૧૦ | ૯૧૦ |
| ગાજર | ૫૧૦ | ૬૧૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૮૨૦ | ૧૦૨૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૩૧૦ | ૪૧૦ |

| | | |
|---|---|---|
| કાકડી | ૩૧૦ | ૫૧૦ |
| ગુવાર | ૮૩૦ | ૧૬૩૦ |
| વાલોળ | ૫૧૦ | ૬૧૦ |
| ચોળા લીલા | ૪૧૦ | ૭૧૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૧૦ | ૮૧૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૭૧૦ | ૧૦૧૦ |
| હળદર લીલી | ૫૧૦ | ૮૧૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૨૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૧૦ | ૮૧૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| તુવેર | ૪૧૦ | ૫૧૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૩૧૦ | ૬૧૦ |
| મરચા લાલ | ૧૧૧૦ | ૧૨૧૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૫૦ |
| લસણ લીલું | ૯૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૩૦૫ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૧૦ |
| તલ કાળા | ૩૬૦૦ | ૪૭૫૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૯૩૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૮૯ |
| બાજરો | ૫૩૧ | ---- |
| જુવાર | ૭૪૬ | ---- |
| મકાઈ | ૫૪૬ | ---- |
| મગ | ૧૫૦૦ | ---- |
| અડદ | ૯૮૦ | ૧૦૮૨ |
| ચણા | ૮૭૫ | ૧૦૩૦ |
| તુવેર | ૮૬૦ | ૯૫૮ |
| મેથી | ૮૫૧ | |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૧૭ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૩ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૧ |
| કપાસ કોડી | ૧૦૦૦ | ૧૧૫૬ |
| મગફળી | ૯૮૬ | ૧૩૩૦ |
| ઘઉં | ૪૯૮ | ૫૨૩ |
| ચણા | ૮૦૦ | ૧૦૦૧ |
| અડદ | ૬૭૦ | ૧૦૦૧ |
| તુવેર | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ધાણા | ૮૯૦ | ૧૭૦૦ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| શીંગદાણા | ૧૧૬૦ | ૧૩૦૬ |
| મેથી | ૮૦૧ | ૮૦૧ |
| સોયાબીન | ૭૪૬ | ૮૩૩ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૦ |

| | | |
|---|---|---|
| રાય | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૦ |
| ધાણા | ૧૫૪૫ | ૧૭૦૫ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૧૫૦ |
| જુવાર | ૩૬૦ | ૩૬૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૮૦ |
| મગફળી | ૬૨૫ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૦૯૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૫૦૫ | ૫૦૫ |
| લસણ | ૫૨૦ | ૫૨૦ |
| એરંડી | ૯૦૫ | ૯૦૫ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| અજમા | ૯૨૫ | ૯૨૫ |
| રજકાબી | ૪૧૦૦ | ૬૫૦૦ |
| ચણા છોલે | ૧૩૯૦ | ૧૩૯૦ |
| મગ | ૧૨૪૨ | ૧૨૪૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૨૮ |
| બાજરો | ૩૩૧ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૫૭૧ | ૫૭૭ |
| જુવાર | ૫૦૦ | ૧૦૨૭ |
| મગ | ૭૫૦ | ૨૯૦૦ |
| મઠ | ૧૨૧૪ | ૧૩૭૧ |
| ચણા | ૬૧૫ | ૧૦૫૧ |
| સોયાબીન | ૫૦૧ | ૮૩૪ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૨૦ | ૧૫૭૦ |
| કપાસ મીડીયમ | ૯૮૦ | ૧૨૨૦ |
| મગફળી | ૧૦૧૩ | ૧૩૨૯ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૨૦૧૦ |
| તલ કાળા | ૩૨૩૦ | ૪૫૨૦ |
| જીરૂ | ૩૧૬૦ | ૩૯૧૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૮૦ |
| અડદ | ૯૩૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૯૫ | ૮૪૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૨૨ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ચણા | ૮૨૦ | ૮૨૦ |
| સોયાબીન | ૮૩૨ | ૮૩૨ |
| અડદ | ૯૨૬ | ૯૨૬ |
| જીરૂ | ૩૮૮૫ | ૩૮૮૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૮ |
| ચણા | ૭૦૧ | ૧૦૧૧ |
| અડદ | ૭૦૧ | ૧૨૫૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૫૧ |
| શીંગ ફાડા | ૧૦૫૧ | ૧૨૦૬ |
| સફેદ તલ | ૧૦૦૧ | ૧૮૩૧ |
| મેથી | ૫૦૧ | ૭૫૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૨૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૮૧ |
| **મહુવા** | | |

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૯૭૨ | ૧૩૦૬ |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૩૩૨ |
| શીંગ ગીરનાર | ૧૦૦૧ | ૧૩૫૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૧ | ૧૩૫૫ |
| એરંડા | ૧૧૧૫ | ૧૨૬૮ |
| જુવાર | ૩૮૧ | ૮૦૦ |
| બાજરી | ૩૯૫ | ૬૭૧ |
| બાજરો | ૫૦૦ | ૮૦૦ |
| ઘઉં ટુકડા | ૫૯૯ | ૬૧૩ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૪૫૧ | ૧૨૭૦ |
| મગ દેશી | ૫૬૦ | ૩૪૭૦ |
| સોયાબીન | ૮૬૦ | ૮૭૪ |
| ચણા | ૭૫૦ | ૧૦૧૨ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૪૦૪૦ | ૪૮૯૯ |
| તુવેર | ૯૩૦ | ૯૩૦ |
| જીરૂ | ૩૭૯૦ | ૩૭૯૦ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૮૫ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૧૫ |
| ડુંગળી સફેદ બીયા | ૨૧૫ | ૯૨૩ |
| કપાસ શંકર | ૯૦૧ | ૧૫૨૧ |
| નાળીયેર | ૩૬૫ | ૧૯૨૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૮૦ | ૧૩૫૧ |
| મગફળી ૩૨ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| બાજરો હાઈબ્રીડ | ૩૫૦ | ૫૮૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૫ |
| જુવાર | ૭૫૦ | ૯૪૫ |
| અડદ | ૬૫૦ | ૧૩૨૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૨ |
| સફેદ તલ | ૧૩૫૦ | ૨૦૭૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૮૩ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૮૭૦ |
| ઘઉં | ૪૧૦ | ૫૫૫ |
| અડદ | ૯૩૦ | ૧૩૧૦ |
| મેથી | ૮૦૦ | ૮૭૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૨૦ |
| મગફળી જાડી | ૧૨૮૫ | ૧૨૮૦ |
| મગફળી ૬૬ નં. | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૩૦૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૧ |
| તલ | ૧૦૦૦ | ૨૧૭૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૬૯ |
| લસણ | ૧૧૭૫ | ૨૬૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૮૩૦ |
| અજમો | ૧૫૦૦ | ૩૩૦૦ |
| અજમાની ભુકી | ૫૦ | ૧૮૮૦ |
| ધાણા | ૮૫૦ | ૧૭૭૦ |
| મરચા | ૧૦૦૦ | ૩૪૬૫ |
| ડુંગળી સુકી | ૪૦ | ૩૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૦ |
| વટાણા | ૯૦૦ | ૧૨૦૦ |

## શબ્દ સંજોગ-૨૧૧૮



**આડી ચાવી :**
(૧) ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ (૬)
(૫) ઘરબહાર ન નીકળવા માટે ફરમાવાતો એક પ્રકારનો હુકમ (૨)
(૬) ઈલાજ, ઉપાય (૩)
(૭) વસિયતનામું (૨)
(૮) ચાર તોલા જેટલું માપ (૨)
(૧૦) ધર્મનો ફાંટો, પંથ (૪)
(૧૨) સહાયક (અંગ્રેજીમાં) (૪)
(૧૫) ધૂળનો કણ (૨)
(૧૬) યાદદાસ્ત, નજર (૩)
(૧૬) એક પશુ (૩)
(૨૦) લાગ, તક (૨)
(૨૧) જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ (૪)
(૨૨) પરિણામ (૨)
(૨૪) આ તો દૂરથી જ રળિયામણા (૩)
(૨૭) કામ, કામદેવ (૩)
(૨૯) જાન્યુઆરી માસમાં આવતો એક તહેવાર (૬)

**ઉભી ચાવી :**
(૧) સામર્થ્ય, પ્રભાવ (૩)
(૨) સૂર્ય, સૂરજ (૨)
(૩) વિદેશ સફર માટે સૌપ્રથમ આ જોઈએ (૪)
(૪) 'ખરી'નો વિરોધી શબ્દ થયો અવળો (૨)
(૫) હુન્નર કે કળાવાળું (૪)
(૭) બ્રાહ્મણ (૨)
(૯) ઝપાટાથી ખેંચવું તે (૪)
(૧૧) મહેમાનનો વિરોધી શબ્દ (૪)
(૧૩) બાળક, કપડું (૨)
(૧૪) લખેલું ભૂંસવા માટે વપરાય (૩)
(૧૬) સામાન, બરાબરીયું (૪)
(૧૮) દૈવયોગે, રખેને (૩)
(૧૯) રાત્રે ચોકી માટે ફરવું તે (૨)
(૨૧) ઉંમરમા નાનું, નાદાન (૩)
(૨૨) તફાવત, ભેદ (૩)
(૨૩) રસ, આનંદ (૨)
(૨૫) મનનું વલણ, ગતિ (૨)
(૨૬) સાંજનો પર્યાય થયો અવળો (૨)
(૨૭) બુદ્ધિ (૨)
(૨૮) ઝાડ, પર્વત (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૭ જવાબ

**આડી ચાવી :** (૧) સ્વર (૩) મીડલી (૫) માતલિ (૮) કસાઈ (૧૦) પિનાક (૧૩) તરુ (૧૪) મસલત (૧૬) કરજ (૨૦) રોલ (૨૨) પાસે (૨૩) સાળો (૨૪) કર્મઠ (૨૫) બોટાદ (૨૬) બાવો (૨૭) કર્પટ (૨૮) ગીરો **ઉભી ચાવી :** (૧) સ્વસ્તિક (૨) માત (૪) ડમક (૫) માઈ (૬) લિપિ (૭) ડમરુ (૯) સારસ (૧૧) નાટક (૧૨) તાત (૧૩) તજ (૧૪) મહોરો (૧૫) લભ્ય (૧૭) રફ્તિ (૧૮) તુસે (સેતુ) (૧૯) માળો (૨૧) લકવો (૨૨) પાઠક (૨૩) સાદગી (૨૫) બોટ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સાવરકુંડલાના જેસર રોડ પર ગટરનું પાણી ઉભરાતા વ્યાપારીઓ અને રહેવાસીઓ પરેશાન

સાવરકુંડલા, તા.૧૭


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના જેસર રોડ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી ગટરનું પાણી રોડ પર ઉભરાઈ રહ્યું છે, જેના કારણે સ્થાનિક વ્યાપારીઓ તેમજ રહેવાસીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ વિસ્તારના વેપારીઓએ જણાવ્યું હતું કે, ગટરના પાણીને કારણે રોડ પર દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે ગ્રાહકો આવવામાં ઘટાડો થયો છે. "અમારે વ્યાપાર કરવો કે આ દુર્ગંધ સહન કરવી?" એવો પ્રશ્ન વેપારીઓએ ઉઠાવ્યો છે. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે, ગટરનું ગંદુ પાણી રોડ પર ભરાઈ જવાથી વાહનવ્યવહારમાં અડચણ સર્જાઈ રહી છે અને રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે. આ સમસ્યા અંગે નગરપાલિકા તંત્રને અનેક વખત રજૂઆત કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. તંત્રની આ બેદરકારીથી વિસ્તારના લોકોમાં ભારે રોષ ફેલાયો છે. વ્યાપારીઓ અને રહેવાસીઓએ માંગ કરી છે કે, નગરપાલિકા તાત્કાલિક આ સમસ્યાનું નિરાકરણ કરે અને ગટર લાઈનની સફાઈ તેમજ જરૂરી સમારકામ કરાવે, જેથી આ હાલાકીમાંથી મુક્તિ મળે.

# રાજુલા પોલીસે ૩૫ ગુનાના વોન્ટેડ આરોપીને વડ ગામેથી ઝડપી પાડ્યો

**આરોપી શિવરાજ વાલાભાઈ ધાખડા પાસે પોલીસે રિકન્સ્ટ્રક્શન કરાવ્યું**

રાજુલા,તા.૧૭



રાજુલા પોલીસ સ્ટેશન અને અન્ય પોલીસ સ્ટેશનના કુલ ૩૫ ગુનામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપી શીવરાજ વાલાભાઈ ધાખડા (રહે.વડ, તા.રાજુલા)ની રાજુલા પોલીસે ધરપકડ કરી છે. આરોપી ત્રણ ગંભીર ગુનાઓમાં નાસતો ફરતો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડાની આગેવાની હેઠળ અલગ-અલગ ટીમો બનાવી ટેકનીકલ અને હ્યુમન સોર્સની મદદથી આરોપીને રાજુલા તાલુકાના વડ ગામેથી ઝડપી લેવામાં આવ્યો હતો. તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ, પો.ઈન્સ. એ.ડી. ચાવડા અને રાજુલા પોલીસ સ્ટાફ દ્વારા હિંડોરણા ચોકડી પર આવેલ ચેતન ઓટો સપ્લાય પેટ્રોલપંપ પર ગુનાના સ્થળનું રિકન્સ્ટ્રક્શન પંચનામું કરવામાં આવ્યું હતું. કાયદાનું ભાન કરાવવા, કાયદો વ્યવસ્થા જાળવવા અને સામાન્ય નાગરિકોમાંથી આરોપીનો ભય દૂર કરવાના હેતુથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# કોડીનાર તાલુકામાં કેબિનેટ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજાના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણના વિવિધ કાર્યક્રમો યોજાશે

કોડીનાર, તા. ૧૭

કોડીનાર તાલુકાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા આજ રોજ મતવિસ્તારના વિવિધ ગામોમાં વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ આ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મંત્રીના હસ્તે વેલણ ગામે માધ્યમિક શાળાના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. સરખડી ગામે સરખડીથી બાવાના પીપળવા સુધીના ૬.૫ કિલોમીટર લાંબા રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ સાથે જ ગામમાં નિર્મિત 'સ્વ. શ્રી માયાભાઈ માસ્તર પુસ્તકાલય'નું લોકાર્પણ પણ મંત્રીના હસ્તે સંપન્ન થશે. બપોર બાદ ૪:૩૦ કલાકે હરમડિયા મુકામે સરકારી માધ્યમિક શાળાના ધોરણ ૯ થી ૧૨ માટેના નવનિર્મિત બિલ્ડિંગનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસલક્ષી કાર્યોથી કોડીનાર તાલુકાના અંતરિયાળ ગામોમાં શિક્ષણ અને પરિવહનની સુવિધાઓમાં મોટો વધારો થશે.

# પોલીસ ભરતી અન્વયે ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર યોજાયો

રાજકોટ,તા.૧૭




ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટની યુવા પાંખ ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ (KDVS) દ્વારા ૧૫ ડિસેમ્બરના રોજ સરદાર પટેલ ભવન ખાતે પોલીસ વિભાગની ભરતી અંગે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ઝોન-૧ ડીસીપી હેતલ પટેલે ઉપસ્થિત રહીને યુવાનોને પોલીસ ભરતીમાં સફળતા મેળવવાનો રોડમેપ અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ડીસીપી હેતલ પટેલે યુવક-યુવતીઓને સંબોધતા જણાવ્યું હતું કે, યુવાનોએ પોતાની સક્ષમતા ઓળખવી જોઈએ અને સતત પ્રયત્નો કરવા જોઈએ. તેમણે પોતાની જાતે નોટ્સ બનાવવા, જનરલ નોલેજ વધારવા, મોક ટેસ્ટ આપવા અને બહાના આપવાનું બંધ કરવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં પોલીસ વિભાગના અન્ય અધિકારીઓ, ટ્રસ્ટીઓ અને કન્વીનરો પણ ઉપસ્થિત રહ્યા હતા. હાલ સમિતિ દ્વારા ન્યૂ માયાણીનગર સ્થિત સરદાર પટેલ ભવન ખાતે પોલીસ ભરતીમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોને સંસ્થાની ઓફિસે સંપર્ક કરવા જણાવાયું છે.

# ધોરાજીમાં આપ કાર્યકરોએ નીતિશકુમારના પૂતળાનું દહન કરી સૂત્રોચ્ચાર કર્યા


ધોરાજી, તા.૧૭



તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા પદવી એનાયત કાર્યક્રમમાં હિજાબ બાબતે થયેલા વિવાદના પ્રત્યાઘાતો ગુજરાતના ધોરાજી શહેર સુધી પહોંચ્યા છે. આ ઘટનાના વિરોધમાં ધોરાજી શહેરના યુવા મુસ્લિમ અગ્રણી અને આમ આદમી પાર્ટીના હોદેદાર સલીમ મોગલ અને તેમની ટીમ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. નિંદનીય ઘટનાના વિરોધમાં, કાર્યકરોએ ધોરાજીના ત્રણ દરવાજા ખાતે મુખ્યમંત્રી નીતિશકુમારના પૂતળાનું દહન કર્યું હતું અને સૂત્રોચ્ચાર સાથે મુખ્યમંત્રીના રાજીનામા અને માફીની માંગણી કરી હતી.

# રાજ્યમાં કાતિલ ઠંડી સાથે વાવાઝોડાની આગાહી કરતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ

ગુજરાત,તા.૧૭



ઉત્તર ભારતમાં ઘણી જગ્યાએ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. ગુજરાતમાં ઠંડી વધી ગઈ છે. ગુજરાતમાં પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યાં છે. આગામી ૪૮ કલાકમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદ ઠંડી વધી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, બેવડી ઋતુ યથાવત રહે તેવી શક્યતા છે. રાજ્યમાં સૌથી નીચું નલીયામાં ૯.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આગામી ચાર દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં વધારો થતા ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. હાલ પવનની દિશા પૂર્વીય તરફ થતા ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, જાન્યુઆરીમાં પણ રાજ્યમાં ઠંડા પવનો ફૂંકાશે. અંબાલાલ પટેલે ચેતવણી આપતા કહ્યું કે, ઉત્તર ગુજરાતના ભાગોમાં ૧૦-૧૧ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા રહેશે. અંબાલાલ પટેલે કાતિલ ઠંડી વચ્ચે વાવાઝોડાની આગાહી પણ કરી છે. અંબાલાલ પટેલે ફેબ્રુઆરી માટે આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પંચમહાલ તથા સૌરાષ્ટ્રમાં ઠંડીને વેગ મળશે. એક પછી એક ડિસ્ટર્બન્સ આવતા રહે. ક્યારેક સવારે કોઈ કોઈ ભાગોમાં હળવા ધુમ્મસ રહી શકે અને બેવડી ઋતુનો અનુભવ થાય.

# ઉના પોલીસે ટાયર-બેટરી ચોરીના અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી તસ્કરની ધરપકડ કરી

ઉના,તા.૧૭



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના શહેરમાં વાહનોના ટાયર, બેટરી તથા સ્પેર પાટ્ર્સની ચોરીના બનાવો સતત સામે આવી રહ્યા હતા, જે બાબત ઉના પોલીસના ધ્યાને આવતાં અગાઉ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી. ઉના ટાઉનમાં થયેલ ટાયર અને બેટરી ચોરીના અનડિટેક્ટ ગુનાને ડિટેક્ટ કરવામાં ઉના પોલીસને સફળતા મળી છે. પોલીસે ૫ ટાયરો અને ૨ બેટરીઓ સાથે કુલ રૂ. ૨૭,૫૦૦/-ના ચોરીના મુદ્દામાલ સાથે તસ્કરની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી હતી. વર્તમાન સમયમાં વધતા જતા ચોરીના બનાવોને અટકાવવા તથા શંકાસ્પદ ટપોરી તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરી દ્વારા સૂચના હેઠળ કુલ રૂ. ૫,૨૭,૫૦૦/ના મુદ્દામાલ સાથે આરોપી ભીખુભાઈ ખોડાભાઈ બારૈયા, ઉંમર ૪૭ વર્ષ, ધંધો ડ્રાઈવિંગ રહે. નારીયેરી મોલી, ઠે. કણબીશેરી, તા ગીરગઢડા વાળાની અટકાયત કરવામાં આવી હતી.

# ઉનાના સામતેરમાં રૂ.એક કરોડના ખર્ચે નિર્મિત પે-સેન્ટર શાળાનું કરાયું લોકાર્પણ

ઉના,તા.૧૭



ઊના તાલુકાના સામતેર ગામે ૧ કરોડના ખર્ચે નવનિર્માણ થયેલ સામતેર પે.સે. શાળાનું લોકાર્પણ તેમજ રૂ.૧૪ લાખના ખર્ચે બનાવવામાં આવેલ સામતેર ગ્રામ પંચાયતનું લોકાર્પણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સામતેર પે.સે. શાળા તેમજ સામતેર ગ્રામ પંચાયતનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે રીબીન કાપી પ્રાથમિક શાળા તેમજ ગ્રામ પંચાયત ઓફિસને ખુલ્લી મૂકવામાં આવી હતી.

# ગીર સોમનાથના ખેડૂતોએ 'ડ્રાયફ્રુટ ગોળ' બનાવી નવો ચીલો ચાતર્યો : શુદ્ધતા અને સ્વાસ્થ્યનો સંગમ

ગીર સોમનાથ,તા.૧૭



કેસર કેરી અને કેસરી સિંહ માટે વિશ્વભરમાં જાણીતા ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોએ સામાન્ય ઓર્ગેનિક ગોળની સાથે સાથે 'ડ્રાયફ્રુટ ગોળ' બનાવીને એક નવો ચીલો ચાતર્યો છે. આ ગોળ સંપૂર્ણપણે પ્રાકૃતિક અને ઓર્ગેનિક પદ્ધતિથી તૈયાર થાય છે અને તેમાં કાજુ, બદામ, કિસમિસની સાથે શિયાળામાં લાભદાયી એવી સૂંઠ પણ ઉમેરવામાં આવે છે. આ ગોળનું ઉત્પાદન કરતા મોરડીયાના ખેડૂત અરજણભાઈ વાઢેરે જણાવ્યું હતું કે, અમારો આ ડ્રાયફ્રુટ ગોળ માત્ર પ્રાકૃતિક પદ્ધતિ વડે જ બનાવાય છે.

# વેરાવળ-ડારી ટોલ પ્લાઝા ખાતે માર્ગ સલામતી સંબંધિત સ્ટીકર લગાડાયા

કોડીનાર,તા.૧૭



વેરાવળ-ડારી ટોલ પ્લાઝા ખાતે સ્કાયલાર્ક ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંચાલિત આ ટોલનાકાના સ્ટાફે માર્ગ સલામતી કાર્યક્રમ હાથ ધર્યો હતો.

આ અભિયાન અંતર્ગત, ટોલનાકા પરથી પસાર થતા દ્વિચક્રીય, ચાર-ચક્રીય અને ભારે વાહનો પર માર્ગ સલામતી સંબંધિત સ્ટીકરો લગાવવામાં આવ્યા હતા. વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અંગે વિસ્તૃત માહિતી અને સમજણ પણ પૂરી પાડવામાં આવી હતી.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૫/૨૫ — તા.૧૦/૧૨/૨૦૨૫

**વિવાદી :-** શ્રી ઈન્દુબેન કનુભાઈ વાડદોરીયા
ઠે.કાંચરડી, તા.લાઠી જી. અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી શોભિનીબેન બી.વોરા-એડવોકેટ

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કાંચરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્ર મનોજભાઈ કનુભાઈ વાડદોરીયા નો જન્મ તા.૦૧/૦૪/૧૯૮૫ ના રોજ કાંચરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૫/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૨૧/૨૦૨૫

અરજદાર :- શ્રી રાણબાઈબેન વા/ઓ રામભાઈ નાજાભાઈ ભુવા
રહે.વાઘણીયા જૂના, તા.બગસરા તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.પાણિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પાણિયા ગામમાં અરજદારશ્રી રાણબાઈબેન વા/ઓ રામભાઈ નાજાભાઈ ભુવા તેઓના ભાઈ વિપુલભાઈ ભીખાભાઈ ભેડાની જન્મ (તા.૦૧/૦૧/૧૯૮૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# ધારીના ખોખરા મહાદેવ પાસે રૂ.૨.૫૦ કરોડના ખર્ચે પુલનું જે.વી. કાકડીયાના હસ્તે ખાતમુહૂર્ત

ધારી, તા.૧૭



ધારી તાલુકાના ખોખરા મહાદેવ મંદિર પાસેનો વર્ષો જૂનો માર્ગ પ્રશ્ન લોકલાડીલા ધારાસભ્ય જે.વી. કાકડીયાના સઘન પ્રયાસોથી આખરે ઉકેલાયો છે. આ વિસ્તારમાં રૂ. ૨.૫૦ કરોડ (અઢી કરોડ)ના ખર્ચે નવા પુલ (બ્રિજ)નું નિર્માણ મંજૂર કરાયું છે, જેનું ખાતમુહૂર્ત ધારાસભ્યના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ બ્રિજના નિર્માણથી સ્થાનિક લોકોને વર્ષોથી પડતી મુશ્કેલીઓ દૂર થશે અને વાહનવ્યવહાર સરળ બનશે. આ પ્રસંગે ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, પૂર્વ પ્રમુખ જીતુભાઈ જોશી, ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળા, તાલુકા મહામંત્રીઓ તેમજ જિલ્લા મોરચાના મહામંત્રીઓ સહિત મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૨૮/૨૦૨૫

અરજદાર :- શ્રી ફઈબાબેન રામભાઈ વાળા
રહે.નાના આંકડિયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.નાના આંકડિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના આંકડિયા ગામમાં અરજદારશ્રી ફઈબાબેન રામભાઈ વાળા એ તેઓની પોતાની જન્મ (તા.૦૨/૦૬/૧૯૬૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# ઢાકા મિશનની બહાર થયેલા વિરોધ પ્રદર્શનોને પગલે વિદેશ મંત્રાલયે ભારતમાં બાંગ્લાદેશ હાઈ કમિશનરને સમન્સ પાઠવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે ઢાકામાં ભારતીય મિશનની સુરક્ષા અંગે દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનરને સમન્સ પાઠવવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઢાકા મિશનની બહાર થયેલા વિરોધ પ્રદર્શનોને પગલે વિદેશ મંત્રાલયે ભારતમાં બાંગ્લાદેશ હાઈ કમિશનર એમ. રિયાઝ હમીદુલ્લાહને સમન્સ પાઠવ્યા છે.

નેશનલ સિટીઝન્સ પાર્ટીના નેતા હસનત અબ્દુલ્લાના ભારત વિરોધી નિવેદનો બાદ ભારતે આ પગલું ભર્યું હતું. અબ્દુલ્લાએ જાહેર ભાષણમાં ધમકી આપી હતી કે જો બાંગ્લાદેશ અસ્થિર બનશે, તો તે ભારતના સાત પૂર્વીય રાજ્યો (સેવન સિસ્ટર્સ) ને અલગ કરી દેશે અને ઉત્તરપૂર્વના અલગતાવાદીઓને આશ્રય આપશે. અબ્દુલ્લા તેમના મજબૂત ભારત વિરોધી વલણ માટે જાણીતા છે. બેઠક બાદ




ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું હતું. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, “ભારતમાં બાંગ્લાદેશના હાઈ કમિશનર રિયાઝ હમીદુલ્લાહને આજે વિદેશ મંત્રાલય દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા હતા અને બાંગ્લાદેશમાં બગડતા સુરક્ષા વાતાવરણ અંગે ભારતની ઊંડી ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. તેમનું ધ્યાન, ખાસ કરીને, કેટલાક ઉગ્રવાદી તત્વોની પ્રવૃત્તિઓ તરફ દોરવામાં આવ્યું હતું જેમણે ઢાકામાં ભારતીય મિશનની આસપાસ સુરક્ષા પરિસ્થિતિને ખલેલ પહોંચાડવાની ધમકી આપી છે.”

# રાજ્ય સરકારે ‘કુંવરબાઈનું મામેરૂ’ યોજનામાં પાંચ વર્ષમાં ૫૨૦૦૦ અનુ. જાતિની દીકરીઓને સહાય આપી

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૭

સુશાસનનો અર્થ માત્ર નીતિઓ બનાવવી જ નહીં, પરંતુ તે નીતિઓને સમાજના છેવાડાના નાગરિક સુધી પારદર્શિતા અને સંવેદનશીલતાથી પહોંચાડવી એ પણ છે. આ જ ભાવના સાથે કાર્યરત ગુજરાત સરકારની મહત્વની યોજના એટલે ‘કુંવરબાઈનું મામેરું’. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૫૨,૦૦૦થી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓને રૂ. ૬૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. મહત્વનું છે કે, પુનઃલગ્નના કિસ્સામાં પણ દીકરીઓને આ યોજનાનો લાભ આપીને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દીકરી એ લક્ષ્મીનું સ્વરૂપ છે અને તેનું કન્યાદાન એટલે કે, દીકરીના લગ્ન એ પરિવાર માટે સૌથી મોટો ઉલ્લાસનો અવસર છે. આ પવિત્ર પ્રસંગે અનુસૂચિત જાતિના પરિવારોને આર્થિક ચિંતામાંથી મુક્ત



કરવા માટે, ગુજરાત સરકારની મહત્વાકાંક્ષી કુંવરબાઈનું મામેરું યોજના વરદાનરૂપ સાબિત થઈ રહી છે.

આ યોજના માત્ર નાણાકીય સહાય નથી, પરંતુ સમાજના આ વર્ગની દીકરીઓને આત્મસન્માન સાથે લગ્નજીવન શરૂ કરવા માટેનું પ્રોત્સાહન છે. દીકરીના લગ્નને ભારરૂપ નહીં પણ આનંદનો અવસર બનાવવામાં આ યોજનાએ પાયાની ભૂમિકા ભજવી છે. કુંવરબાઈનું મામેરું યોજનાનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિના જરૂરિયાતમંદ પરિવારોને તેમની દીકરીના લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવાનો છે.

# ભાજપે સોશિયલ મીડિયામાં તેજસ્વી યાદવને ગુમ જાહેર કરતું પોસ્ટર વાયરલ કર્યું

પટણા,તા.૧૭

બિહારમાં ઠંડી વધી રહી છે, પરંતુ રાજકારણ ગરમાયું છે. તેનું કારણ તેજસ્વી યાદવની બિહારમાં ગેરહાજરી છે. ભારતીય જનતા પાર્ટીએ આને મુદ્દો બનાવ્યો છે. ભાજપે તેના સોશિયલ મીડિયા પર એક પોસ્ટર શેર કર્યું છે. તેણે વિપક્ષના નેતાને ગુમ જાહેર કર્યા છે, જેમાં લખ્યું છે, “ગુમ થયેલ વ્યક્તિ જોઈએ છે! નામઃ તેજસ્વી યાદવ, ઓળખઃ ૯મા ધોરણનો વિદ્યાર્થી.” ભાજપે આગળ લખ્યું છે, “દરેક વ્યક્તિએ તેને શોધવામાં મદદ કરવી જોઈએ.”


આ મુદ્દે, ભાજપના પ્રવક્તા પ્રેમ રંજન પટેલે કહ્યું કે રાજ્યની સમસ્યાઓ, પડકારો અને જાહેર હિતના મુદ્દાઓ પર ગંભીરતાથી કામ કરવાની જવાબદારી વિપક્ષના નેતાની છે. જો કે, બિહારના લોકો એ જોઈને આશ્ચર્યચકિત થાય છે કે જ્યારે પણ રાજ્યને મજબૂત વિપક્ષની જરૂર હોય છે, ત્યારે તેજસ્વી યાદવ વિદેશ પ્રવાસમાં વ્યસ્ત જોવા મળે છે. બિહારના લોકો પૂછી રહ્યા છે, “શું વિપક્ષના નેતા ફક્ત વિદેશ પ્રવાસો માટે છે, કે શું તેમની પાસે બિહારના ભવિષ્ય માટે પણ કોઈ યોજના છે?”

# આવક ધરાવતી પત્ની હિન્દુ લગ્ન કાયદા હેઠળ વચગાળાના ભરણપોષણ માટે હકદાર નથી : બોમ્બે હાઈકોર્ટની સ્પષ્ટતા

મુંબઈ,તા.૧૭

બોમ્બે હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે પૂરતી આવક ધરાવતી કામ કરતી પત્ની હિન્દુ લગ્ન કાયદા હેઠળ વચગાળાના ભરણપોષણ માટે હકદાર નથી. કોર્ટે જણાવ્યું હતું કે કાયદાની કલમ ૨૪ હેઠળ ભરણપોષણ માટે પત્ની પાસે પોતાનું ગુજરાન ચલાવવા માટે પૂરતા સાધનોનો અભાવ હોવો જરૂરી છે. આ અવલોકન સાથે, હાઈકોર્ટે કામ કરતી પત્નીને ભરણપોષણ ન આપવાના ફેમિલી કોર્ટના આદેશમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો. ફેમિલી કોર્ટે પણ આવો જ ચુકાદો આપ્યો હતો.

પત્નીએ ફેમિલી કોર્ટના નિર્ણય સામે હાઈકોર્ટમાં અપીલ કરી. અરજીમાં, તેણીએ દલીલ કરી હતી કે નીચલી કોર્ટનો આદેશ ખોટો હતો અને તેને રદ કરવાની



માંગ કરી હતી. ન્યાયાધીશ મંજુષા દેશપાંડેએ ચુકાદો આપ્યો હતો કે પત્ની આર્થિક રીતે સ્વતંત્ર છે અને તેને ટેકો આપવા માટે પૂરતા સાધનો છે. તેથી, તે કલમ ૨૪ હેઠળ ભરણપોષણની જરૂરિયાતોને પૂર્ણ કરતી નથી.

જસ્ટિસ દેશપાંડેએ જણાવ્યું હતું કે વચગાળાના ભરણપોષણનો અધિકાર આપમેળે અધિકાર નથી. આ અધિકાર પત્ની દ્વારા વૈવાહિક વિવાદ દરમિયાન પોતાનું ભરણપોષણ કરવામાં અસમર્થતા પર આધાર રાખે છે.

# ટીએમસીએ ‘ઉન્નયનેર પાંચાલી’ નામનું એક અનોખું અને સાંસ્કૃતિક અભિયાન શરૂ કર્યું

કોલકતા,તા.૧૭

પશ્ચિમ બંગાળના રાજકારણમાં મહિલા મતદારો હંમેશા નિર્ણાયક શક્તિ રહી છે. આ શક્તિને વધુ એકત્ર કરવા માટે, તૃણમૂલ કોંગ્રેસએ ‘ઉન્નયનેર પાંચાલી’ (વિકાસની પાંચાલી) નામનું એક અનોખું અને સાંસ્કૃતિક અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન હેઠળ, મહિલા કાર્યકરો બંગાળની પરંપરાગત લક્ષ્મી સ્તુતિને અનુસરીને ગામડે ગામડે જઈને મમતા સરકારના વિકાસ કાર્યોની પ્રશંસા કરશે.

પરંપરાગત રીતે પાંચાલીનો અર્થ દેવી લક્ષ્મીનું સ્તોત્ર થાય છે, જે બંગાળમાં મહિલાઓ દ્વારા ભક્તિથી ગવાય છે.

તૃણમૂલ કોંગ્રેસે, આ સાંસ્કૃતિક જોડાણને રાજકારણ સાથે જોડીને, છેલ્લા ૧૫ વર્ષના વિકાસ કાર્યને ‘વાર્તા’ અથવા ‘સ્તુતિ’માં પરિવર્તિત કર્યું છે. પાંચાલીનો અર્થ દેવી લક્ષ્મીની સ્તુતિ છે. પરંપરાગત રીતે, આ સ્તુતિ મહિલાઓ દ્વારા ગવાય છે.

# બાડમેર જિલ્લાના ગુડામલાની વિસ્તારમાં સગીરાનું અપહરણ કરી બળાત્કાર કરવામાં આવતા ખળભળાટ

(એચ.એસ.એલ), બાડમેર,તા.૧૭

રાજસ્થાનના બાડમેર જિલ્લાના ગુડામલાની વિસ્તારમાં એક સગીર સ્કૂલ ગર્લનું અપહરણ અને બળાત્કારનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટના ગયા શુક્રવારે બની હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે વિદ્યાર્થિની શાળાએથી ઘરે પરત ફરી રહી હતી. પોલીસે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે, પરંતુ આરોપીની શોધ હજુ સુધી સફળ થઈ નથી.

પોલીસના જણાવ્યા મુજબ, ૧૨ ડિસેમ્બરના રોજ, બે યુવાનો એક SUVમાં આવ્યા અને રસ્તા પર ૧૭ વર્ષની એક વિદ્યાર્થિનીને રોકી. એવો આરોપ છે કે છરી બતાવીને તે યુવાનોએ તેને બળજબરીથી વાહનમાં બેસાડી અને એકાંત સ્થળે લઈ ગયા. વાહનની અંદર તેના પર બળાત્કાર ગુજારવામાં



આવ્યો. ગુડામલાની પોલીસ સ્ટેશનના અધિકારી સુરેન્દ્ર બિશ્નોઈએ જણાવ્યું કે જ્યારે નજીકના લોકોએ વિદ્યાર્થિનીની ચીસો સાંભળી, ત્યારે આરોપી ઘટનાસ્થળેથી ભાગી ગયો. ઘટના પછી, માનસિક રીતે આઘાત પામેલી વિદ્યાર્થિની કોઈક રીતે સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ ઘરે પહોંચી અને તેની માતાને આખી વાત કહી. તે સમયે, પીડિતાના પિતા લગ્નમાં હાજરી આપવા માટે જિલ્લાની બહાર હતા. તેઓ ૧૪ ડિસેમ્બરની રાત્રે ઘરે પરત ફર્યા હતા.

# જંગલની જમીન પર ફળના બગીચા દુર કરવાના હિમાચલ હાઈકોર્ટના આદેશને સુપ્રીમે રદ કર્યો

(એચ.એસ.એલ),શિમલા,તા.૧૭

સુપ્રીમ કોર્ટે હિમાચલ હાઈકોર્ટના જંગલની જમીન પર અતિક્રમણ કરાયેલા ફળના બગીચા દૂર કરવાના અને સફરજન ઉગાડનારાઓને જંગલની જમીન પર અતિક્રમણ કરતા અટકાવવાના આદેશને ઉલટાવી દીધો. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને સીમાંત જૂથો અને ભૂમિહીન લોકોને મદદ કરવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે હાઈકોર્ટના આદેશને ગંભીર પરિણામો આપનાર ગણાવ્યો. બેન્ચે જણાવ્યું હતું કે હાઈકોર્ટે આદેશ આપવામાં ભૂલ કરી છે, જેના ખૂબ જ ગંભીર પરિણામો આવશે અને તે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો




અને વિસ્તારના ભૂમિહીન લોકોને અસર કરશે. બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે આ મુદ્દો નીતિના ક્ષેત્રમાં આવે છે અને હાઈકોર્ટે ફળના ઝાડ કાપવાનો આદેશ આપવો જોઈતો ન હતો. જોકે, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે વન જમીન પર અતિક્રમણ અંગે રાજ્ય સરકાર દ્વારા કાર્યવાહી કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર, કલ્યાણકારી રાજ્યના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને, એક દરખાસ્ત તૈયાર કરી શકે છે અને જરૂરી પાલન માટે કેન્દ્ર સરકારને સબમિટ કરી શકે છે.

# ટ્રમ્પે વેનેઝુએલા પર દબાણ વધારવા માટે ઓઈલ ટેન્કરો પર નાકાબંધીનો આદેશ આપ્યો

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ વધી રહ્યો છે. દરમિયાન, યુએસ પ્રમુખ ટ્રમ્પે એક મોટું પગલું ભર્યું છે, વેનેઝુએલા જતા અને આવતા તમામ પ્રતિબંધિત ઓઈલ ટેન્કરો પર સંપૂર્ણ નાકાબંધીનો આદેશ આપ્યો છે. આ પગલું વેનેઝુએલા રાષ્ટ્રપતિ નિકોલસ



માદુરો પર દબાણ વધારવા માટે લેવામાં આવ્યું છે.

ટ્રમ્પના આ નવા પગલાની દક્ષિણ અમેરિકન દેશના અર્થતંત્ર પર નકારાત્મક અસર થવાની સંભાવના છે. ટ્રમ્પનું આ પગલું ગયા અઠવાડિયે વેનેઝુએલાના દરિયાકાંઠે અમેરિકન સૈન્ય દ્વારા એક તેલ ટેન્કર જપ્ત કર્યા પછી આવ્યું છે. આ પ્રદેશમાં લશ્કરી દળોની તૈનાતી બાદ આ એક અસામાન્ય પગલું હતું.

# સુપ્રીમ ન્યાયતંત્ર સાથે સંબંધિત ઘટનાઓના સોશિયલ મીડિયા પ્રસારને નિયંત્રિત કરવા નિયમો બનાવશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો છે કે તે ન્યાયતંત્ર સાથે સંબંધિત ઘટનાઓના મીડિયા રિપોર્ટિંગ અને સોશિયલ મીડિયા પ્રસારને નિયંત્રિત કરવા માટે નિયમો બનાવવાનું વિચારી રહી છે. આ પગલું તાજેતરની ઘટના બાદ આવ્યું છે જેમાં ચીફ જસ્ટિસ પર જૂતા ફેંકવામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું કે આ મુદ્દા પર સુનાવણી જાન્યુઆરીમાં યોજાશે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જાણ કરી કે તે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન સાથે મળીને સંયુક્ત ભલામણ રજૂ કરશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને માહિતી આપી કે સરકાર, એસસીબીએ સાથે પરામર્શ કરીને, ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે નિયમો પ્રસ્તાવિત કરશે અને જો કોઈ બને તો, સોશિયલ મીડિયા પર રિપોર્ટિંગ અને પ્રસારને કેવી રીતે નિયંત્રિત કરવો તે અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા પ્રદાન કરશે.

# પોલીસે બેંગલુરુમાં શિલ્પા શેટ્ટીના રેસ્ટોરન્ટ અને પબ “બાસ્ટિયન” સામે ફરિયાદ દાખલ કરી

મુંબઈ,તા.૧૭

અભિનેત્રી શિલ્પા શેટ્ટી તેની ફિલ્મો કરતાં તેના અંગત જીવન અને વ્યવસાય માટે વધુ સમાચારમાં રહે છે. હવે, અહેવાલો બહાર આવી રહ્યા છે કે પોલીસે બેંગલુરુમાં શિલ્પા શેટ્ટીના રેસ્ટોરન્ટ અને પબ “બાસ્ટિયન” સામે એફઆઈઆર દાખલ કરી છે.




આ મામલો રેસ્ટોરન્ટ અને પબ મોડી રાત સુધી ખુલ્લા રહેવા અને ત્યાં થઈ રહેલી દલીલ સાથે સંબંધિત છે.

ઘણા અહેવાલો અનુસાર, બેંગલુરુ પોલીસે શિલ્પા શેટ્ટીની માલિકીની રેસ્ટોરન્ટ “બાસ્ટિયન” સામે નિર્ધારિત સમય કરતાં વધુ ખુલ્લું રહેવા અને મોડી રાત સુધી પાર્ટીઓનું આયોજન કરીને નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ એફઆઈઆર દાખલ કરી છે.

# ઓપરેશન સિંદૂરના પહેલા જ દિવસે આપણે હારી ગયા હતા : કોંગ્રેસ નેતાનો બફાટ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૭

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચૌહાણે મંગળવારે ભારતીય સેનામાં વધુ પડતા સૈનિકોની સંખ્યા પર સવાલ ઉઠાવ્યા. તેમણે સૈનિકોને કોઈ અન્ય કામમાં લગાવવાની સલાહ પણ આપી દીધી. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂરે સ્પષ્ટ રીતે સાબિત કર્યું કે ભવિષ્યનો સંઘર્ષ મોટેભાગે હવાઈ તાકાત અને મિસાઈલોથી લડાશે. તેમણે એમ પણ કહ્યું કે ભારત ઓપરેશન સિંદૂરના પહેલા જ દિવસે હારી ગયું હતું. ભાજપે તેમના આ નિવેદન પર આકરી



પ્રતિક્રિયા આપી છે. રિપોર્ટ મુજબ ચૌહાણે કહ્યું કે, સેનાની વાત કરીએ તો આપણી પાસે ૧૨ લાખથી ૧૫ લાખ સૈનિકો છે જ્યારે પાકિસ્તાન પાસે પાંચ લાખથી છ લાખ જેટલા સૈનિકો છે.

# યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સિડનીમાં બોન્ડી બીચ પર થયેલા આતંકવાદી હુમલાની કડક આલોચના કરી

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૧૭

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સિડનીમાં બોન્ડી બીચ પર થયેલા આતંકવાદી હુમલા અંગે કડક ટિપ્પણીઓ જારી કરી છે. આ ઘટના ઓસ્ટ્રેલિયામાં થયેલા સૌથી ભયંકર સામૂહિક ગોળીબારમાંની એક હતી, જેમાં ઈસ્લામિક આતંકવાદીઓ દ્વારા ૧૫ લોકો માર્યા ગયા હતા. યહૂદી હનુક્કાહ તહેવારના પ્રસંગે વ્હાઈટ હાઉસ ખાતે યહૂદી અમેરિકનોનું આયોજન કરતી વખતે ટ્રમ્પે વિશ્વભરના રાષ્ટ્રોને કટ્ટરપંથી ઈસ્લામ સામે એક થવાની અપીલ કરી હતી. આ દરમિયાન ટ્રમ્પે યહૂદી સમુદાયને હંમેશા ટેકો આપવાનું વચન પણ આપ્યું.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, “હું ઓસ્ટ્રેલિયાના લોકોને, ખાસ કરીને સિડનીમાં હનુક્કાહ ઉજવણી દરમિયાન થયેલા ભયાનક અને યહૂદી વિરોધી આતંકવાદી હુમલાથી પ્રભાવિત લોકોને મારો પ્રેમ અને પ્રાર્થના મોકલવા માંગુ છું. બધા રાષ્ટ્રોએ



કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદની દુષ્ટ શક્તિઓ સામે એક સાથે ઊભા રહેવું જોઈએ.”

હનુક્કાહ ઉજવણીમાં હાજરી આપતા યહૂદી લોકોના વિશાળ મેળાવડામાં બોન્ડી બીચ પર હુમલો થયો હતો. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીસ પણ આ ઘટનાને યહૂદી વિરોધી આતંકવાદી કૃત્ય ગણાવી હતી. પોલીસે કહ્યું કે હુમલાખોરો ઈસ્લામિક સ્ટેટથી પ્રેરિત હતા. ગોળીબાર કરનારાઓમાં એક પિતા અને તેનો પુત્ર સામેલ હતા.ઓસ્ટ્રેલિયાના સૌથી લોકપ્રિય બીચ પરનો આ હુમલો યહૂદી વિરોધીતા દર્શાવે છે. ઓસ્ટ્રેલિયામાં છેલ્લા એક વર્ષમાં યહૂદી વિરોધી લાગણીઓનું સતત મોજુ જોવા મળ્યું છે.

# ફ્લેટ કૌભાંડ મામલે મહારાષ્ટ્રના રમતગમત મંત્રી માણિકરાવ કોકાટે સામે બિનજામીનપાત્ર વોરંટ જારી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૭

મહારાષ્ટ્ર પોલીસે રાજ્યના રમતગમત મંત્રી માણિકરાવ કોકાટેની ધરપકડ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. ફ્લેટ કૌભાંડમાં કોકાટે અને તેમના ભાઈ સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે નાસિક સેશન્સ કોર્ટે ૨૮ વર્ષ જૂના ફ્લેટ કૌભાંડમાં તેમની બે વર્ષની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયાના દંડની સજા યથાવત રાખી છે. મહારાષ્ટ્ર સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, જો રમતગમત મંત્રી માણિકરાવ



કોકાટેને હાઈકોર્ટમાંથી રાહત નહીં મળે, તો કોકાટેનું રાજીનામું નિશ્ચિત છે. કોકાટે સામે ધરપકડ વોરંટ જારી થયા બાદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ગુસ્સે હોવાનું માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મહાયુતિના બંને સાથી પક્ષો કોકાટેના રાજીનામા પર અડગ છે.

## ત્રણેય યુવકો વડીયા નજીક આવેલા ચારણીયા ગામે મિત્રના ઘરે ગયા હતા અને પરત ફરતી વખતે સર્જાઈ કરૂણાંતિકા

# બગસરા નજીક ગમખ્વાર અકસ્માત થતા ત્રણ પિતરાઈ ભાઈના મોત

**એક યુવક ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક અમરેલી દવાખાને ખસેડવામાં આવ્યો**

બગસરા,તા.૧૭

જૂનાગઢના ત્રણ પિતરાઈ ભાઈઓ તેમના એક મિત્ર સાથે વડીયા નજીક આવેલા ચારણીયા ગામે મિત્રના ઘરે ગયા બાદ ટાટા નેક્સન કારમાં પરત ફરી રહ્યા હતા. મોડી રાત્રે આશરે ૨ થી ૨.૩૦ વાગ્યાની આસપાસ બગસરાના હડાળા રોડ પર ડેરી પીપરીયાના પાટીયા નજીક ડ્રાઈવરે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ધડાકાભેર એક મહાકાય વૃક્ષ સાથે અથડાઈ હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં ઘટનાસ્થળે જ વિકાસભાઈ સવજીભાઈ સાવલિયા (ઉં.વ. ૩૮, જૂનાગઢ), મંથનભાઈ રમેશભાઈ સાવલિયા (ઉં.વ. ૨૬, અને ધર્મેશભાઈ બાવનજીભાઈ સાવલિયા (ઉં.વ. ૨૭) બંને રહે. જલણસર તા.જૂનાગઢના કરૂણ મોત થયા હતા. અન્ય એક મિત્ર વિકાસભાઈ પરમાર (રહે. બાટવાદેવળી)ને ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલિક બગસરા અને ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રાહદારીઓએ પોલીસ અને ૧૦૮ ને જાણ કરતા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ત્રણેય લોકોના મૃતદેહનું બગસરા સરકારી



તસવીર : હાર્દિક બામટા

દવાખાના ખાતે પોસ્ટમાર્ટમ કરવામાં આવ્યું હતું. પોલીસે અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મૃતકના ભાઈ દેવેન્દ્રભાઈ સાવલીયાએ જણાવ્યું હતું કે, રાત્રિના ૧૧ વાગ્યાની આસપાસ વડીયા નજીક આવેલા ચારણીયા ગામે મિત્રના ઘરે ગયા હતા અને ત્યાંથી પરત ફરતી વખતે આ કરૂણાંતિકા સર્જાઈ હતી.

### મૃતક ત્રણેય પિતરાઈ ભાઈઓ થતા હતા

જૂનાગઢથી ત્રણ પિતરાઈ ભાઈઓ પોતાના મિત્ર સાથે વડીયા નજીક આવેલા ચારણીયા ગામે મિત્રના ઘરે ગયા હતા. જ્યાં તેઓ રાત્રિના કામ પતાવી પરત જૂનાગઢ જવા માટે નીકળ્યા હતા ત્યારે અચાનક જ બગસરા પાસે ડેરી પીપરીયા ગામના પાટીયા પાસે પહોંચતા કારચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને કાર પલટી મારી ઝાડ સાથે અથડાઈ હતી અને કાર પડીકુ વળી ગઈ હતી જેમાં ત્રણ પિતરાઈ ભાઈઓના કરૂણ મોત નિપજ્યા હતા અને તેના મિત્રને સારવાર અર્થે અમરેલી દવાખાને ખસેડવામાં આવ્યો હતો.

### કારના પતરા ચીરીને મૃતદેહ બહાર કઢાયા

બગસરાના ડેરી પીપરીયા ગામ નજીક થયેલા અકસ્માતમાં કારચાલકે સ્ટિયરીંગ પર કાબુ ગુમાવતા કાર ગોથા મારી તોતીંગ ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે વૃક્ષની ડાળીઓ પણ તૂટીને પડી ગઈ હતી. ઝાડ સાથે કાર અથડાતા કાર પડીકુ વળી ગઈ હતી જેથી કારમાં ફસાયેલા ચારમાંથી ત્રણ લોકોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. કારમાંથી મૃતદેહો કાઢવા માટે કારના પતરાને ચીરવા પડ્યા હતા.

## મેસી ભારતમાંથી રૂા. ૫૦ કરોડ લઈ ગયો અને આપણે પાંચ લાખ માટે ફાંફા મારીએ છીએ : નીતિન પટેલ

કડી,તા.૧૭

પ્રસિદ્ધ ફૂટબોલર લિયોનલ મેસીના તાજેતરના ભારત પ્રવાસને લઈને રાજકીય અને સામાજિક ચર્ચા તેજ બની છે. કડી ખાતે યોજાયેલી ઓમકાર મિશનની એક સભામાં બોલતાં નીતિન પટેલે નવી પેઢીમાં વધતી જઈ રહેલી દેશના ઈતિહાસ અને વારસા પ્રત્યેની અજ્ઞાનતા પર કડક પ્રહાર કર્યા હતા. નીતિન પટેલે જણાવ્યું હતું કે,"આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ, મહાન નેતાઓ અને બલિદાનો વિશે યુવાનો અજાણ છે. જ્યારે વિદેશના ખેલાડીઓ અને સેલિબ્રિટીઝને આપણે અતિશય મહત્ત્વ આપીએ છીએ." લિયોનલ મેસીના ભારત પ્રવાસનું ઉદાહરણ આપતાં નીતિન પટેલે કહ્યું કે, "વિશ્વવિખ્યાત ફૂટબોલર લિયોનલ મેસી ભારત આવ્યો અને ૫૦ કરોડ રૂપિયા લઈને ગયો. અહીં આપણા પોતાના લોકો ૫ લાખ રૂપિયા માટે પણ ફાંફા મારે છે." તેમણે આ વાત દ્વારા સમાજમાં વધતી આર્થિક અસમાનતા અને પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવ્યો હતો.

## દ્વારકા જતા પદયાત્રીઓને મોરબી નજીક ડમ્પરે અડફેટે લેતા બનાસકાંઠા જિલ્લાના ચાર લોકોના મોત

(એચ.એસ.એલ),મોરબી,તા.૧૭

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને દિયોદર તાલુકાના શ્રદ્ધાળુઓનો સંઘ ગત ૧૧ ડિસેમ્બરે નવા દિયોદરથી પગપાળા દ્વારકા જવા રવાના થયો હતો. મંગળવારે રાત્રે માળિયાના સરવડ ગામે સાપેશ્વર મહાદેવ મંદિરે વિશ્રામ બાદ આજે વહેલી સવારે ૫ થી ૬ વાગ્યાના અરસામાં સંઘે ફરી પદયાત્રા શરૂ કરી હતી.



સંઘ જ્યારે ચાચાવદરડા ગામના પાટીયા પાસેના પેટ્રોલ પંપ નજીકથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે એક ટ્રકે પાંચ પદયાત્રીઓને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં ચાર પદયાત્રીઓ દિલીપભાઈ રયાભાઈ ચૌધરી (ઉં.વ. ૨૮), હાર્દિકભાઈ માલાભાઈ ચૌધરી (ઉં.વ. ૨૮), ભગવાનભાઈ લાલભાઈ ચૌધરી (ઉં.વ. ૬૫) અને અમરાભાઈ લાલાભાઈ ચૌધરી (ઉં.વ. ૬૨)નું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ૫૦ વર્ષીય નરસંગભાઈ ચૌધરી ગંભીર રીતે ઘાયલ થતાં તેમને તાત્કાલિક મોરબીની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

## અમદાવાદ, ગાંધીનગર અને કલોલની શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ

ગાંધીનગર,તા.૧૭

અમદાવાદ, ગાંધીનગર, કલોલ શહેરની અલગ અલગ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઝેબર, ઝાયડસ, અગ્રસેન અને DAV ઈન્ટરનેશનલ સ્કૂલ સહિત ૧૯ જેટલી સ્કૂલોને ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા હતા. ધમકી મળતા જ સ્કૂલોમાં તપાસ શરૂ કરાઈ હતી. પોલીસ, ફાયર વિભાગ અને બોમ્બ-ડોગ સ્કવોડની ટીમ દ્વારા સ્કૂલોમાં તપાસ કરાઈ હતી. તમામ સ્કૂલોમાં તપાસ પૂર્ણ કરાઈ છે અને કોઈપણ સ્કૂલમાંથી સંદિગ્ધ વસ્તુ મળી નથી. ઉલ્લેખનીય છે કે ધમકીને લઈને અમદાવાદની કેટલીક સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ હતી. ગાંધીનગર સચિવાલય સીએમ ઓફિસ પાસે પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરાયુ હતું. પોલીસે સચિવાલયમાં ડોગ સ્કવોડ દ્વારા ચેકિંગ હાથ ધર્યું હતું. કોઈ અનિચ્છનીય ઘટના ના બને તેના ભાગરૂપે આ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય પરિસરમાં યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા થતા ખળભળાટ

નવસારી,તા.૧૭

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલયના પરિસરમાં એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે. વિશ્વવિદ્યાલયના નિર્જન વિસ્તારમાં બાળપણથી પરિસરમાં રહેતા એક યુવાનની છરીના અનેક ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરી દેવામાં આવી છે. ઘટના બાદ હત્યારો ઘટનાસ્થળેથી ફરાર થઈ જતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.




મળતી માહિતી અનુસાર, આ ઘટના વિશ્વવિદ્યાલય પરિસરના એક એકાંત વિસ્તારમાં બની છે. મૃતક યુવાન બાળપણથી જ આ પરિસરમાં રહેતો હતો અને તેની હત્યા છરી જેવા હથિયારથી કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાંની સાથે જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કાર્યવાહી હાથ ધરી છે. ફોરેન્સિક ટીમને પણ બોલાવીને પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. હત્યાનું કારણ હજુ અકબંધ છે, પરંતુ પોલીસે વિવિધ ખૂણાથી તપાસ શરૂ કરી દીધી છે.

## સંજેલીમાં એક કલાકમાં ૩૦ કુટુંબ નિયોજનના ઓપરેશન કરી દેવામાં આવતા આરોગ્ય વિભાગ સામે સવાલ

(એચ.એસ.એલ),દાહોદ,તા.૧૭

દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સંજેલી અને સીંગવડ તાલુકામાં કુટુંબ નિયોજનના ઓપરેશન કેમ્પનું આયોજન સંજેલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ૯ વાગ્યાથી લાભાર્થીઓ આવી પહોંચ્યા હતા અને કલાકોની રાહ જોયા બાદ સાંજે ૪ વાગ્યે



તબીબ આવ્યા અને માત્ર એક કલાકમાં ૩૦ કુટુંબ નિયોજનના ઓપરેશન કરી દેવાતા આરોગ્ય વિભાગ સામે અનેક સવાલો ઉભા થયા છે.

આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓ માટે પૂરતી વ્યવસ્થા પણ નહોતી કરવામાં આવી. વહેલી સવારથી ભૂખ્યા તરસ્યા દર્દીઓ તેમના નાના બાળકો સાથે હેરાન પરેશાન થતા જોવા મળી રહ્યા હતા. દર્દીઓ નાના નાના ભૂલકાઓને સાડીઓનો ઝૂલો બનાવી ઝુલાવવા મજબૂર બન્યા હતા. સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય તિલાવતએ જણાવ્યું હતું કે, ઓપરેશન માટે પાત્રતા ધરાવતા તબીબો ઓછા છે.




## ઘરકંકાસમાં ઝાલોદના કારઠ ગામે સગા ભાઈએ ભાઈની હત્યા કરી

(એચ.એસ.એલ),દાહોદ,તા.૧૭

૧૨ ડિસેમ્બરના રોજ સંજેલી તાલુકાના હિરોલા ગામ ખાતે રંગલીઘાટી બસ સ્ટેશનની પાછળના ભાગે સળગાવેલી હાલતમાં એક મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાસ્થળે પહોંચી પોલીસે હાથ ધરી હતી. અર્ધબળેલી હાલતમાં મૃતદેહની ઓળખ માટે પોલીસે હાથમાં પહેરેલા કડા અને સ્માર્ટ વોચના આધારે હ્યુમન સોર્સથી તપાસ કરતા મૃતક યુવક ઝાલોદ તાલુકાના કારઠ ગામનો રોયલ લબાના હોવાનું સામે આવ્યું હતું. હત્યા કોણે અને કેમ કરી તે દિશામાં તપાસ માટે એલસીબી તેમજ ઝાલોદ ડિવિઝનની અલગ અલગ પોલીસ ટીમો કામે લાગી હતી. પોલીસે મૃતકના પરિવારજનોની પૂછપરછ દરમિયાન મૃતકના મોટાભાઈ અક્ષય લબાનાની હિલચાલ પોલીસને શંકાસ્પદ લાગી હતી. પોલીસે હત્યાનો ભેદ ઉકેલી મૃતકના ભાઈ અક્ષય લબાના અને તોસિફ શેખની ધરપકડ કરી હતી.

## ભાવનગરમાં પાંચ વર્ષની બાળા સાથે અડપલા કરનાર નિવૃત્ત સરકારી અધિકારીની ધરપકડ

ભાવનગર,તા.૧૭

સમાજમાં બાળકીઓની સલામતી બાબતે કોઈના પર પણ અંધ વિશ્વાસ રાખો તો આગળ જતાં ગંભીર ભૂલ સાબિત થઈ શકે છે. તેવો એક કિસ્સો હાલ ભાવનગર શહેરમાંથી સામે આવ્યો છે, જ્યાં વર્ગ-૨ જેવી સન્માનનીય પોસ્ટ પર સરકારી નોકરી કરી નિવૃત્ત થયેલા ૬૦ વર્ષીય ભાભાએ પોતાના ઘરે આવતી માત્ર ૫ વર્ષની બાળા પર નજર બગાડી દુષ્કર્મ આચર્યું હતું. હાલ આ જઘન્ય ઘટના અંગે પોલીસે ગુનો દાખલ કરી ગણતરીના કલાકોમાં જ હવસખોર નિવૃત્ત સરકારી અધિકારીને ઝડપી પાડ્યો છે અને તેને ઘટના સ્થળે લઈ જઈ સમગ્ર બનાવનું રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો... ભાવનગર શહેરમાં કાળિયાબીડ વિસ્તારમાં ભક્તિનગર નજીક લીલા સર્કલ પાસે રહેતા હસમુખ પંડ્યા ઉર્ફે ઋષિ પંડ્યા નામના વર્ગ-૨ નિવૃત્ત અધિકારીએ તેના ઘરે આવતી માત્ર ૫ વર્ષની બાળકી સાથે આ કુકર્મ આચર્યું હતું. નિવૃત્ત વર્ગ-૨ અધિકારી હસમુખ ઉર્ફે ઋષિ પંડ્યાએ પોતાના ઓળખીતા પરિવાર સાથે સારો વ્યવહાર રાખી વિશ્વાસ જીત્યો હતો અને બાદમાં આ પાંચ વર્ષની બાળકી સાથે જઘન્ય કૃત્ય આચર્યું હતું, જે આખો મામલો હાલ પોલીસ ફરિયાદ નોંધાયા બાદ સામે આવ્યો છે.







